આ પુસ્તક છપાવવાનું ખર્ચ તથા ઉપજ "શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"ના ફંડ ખાતે છે.

મહાલક્ષ્મીનું મહાકષ્ટ

યાને

બાળલગ્નનો બળાપો.

પૂર્વાર્ધ.

કર્તા,

અમરસીંગ દેસાઇભાઇ.

ધ્રાંગધ્રા (કાઠીઆવાડ.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

"શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"

પરિખ પુરૂષોત્તમદાસ લલ્લુભાઇ—વિરમગામ.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૫.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

મૂલ્ય બે આના.

આ પુસ્તક છપાવવાનું ખર્ચ તથા ઉપજ "શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"ના ફંડ ખાતે છે.

મહાલક્ષ્મીનું મહાકષ્ટ

યાને

બાળલગ્નનો બળાપો.

પૂર્વાર્ધ.

કર્ત્તા,

અમરસીંગ દેસાઇભાઇ.

ધ્રાંગધ્રા (કાઠીઆવાડ.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

"શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ"

પરિખ પુરૂષોત્તમદાસ લલ્લુભાઇ—વિરમગામ.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૫.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

મૂલ્ય બે આના.

શ્રી "સત્યનારાયણ" પ્રિ. પ્રેસમાં પટેલ મોતીલાલ
કાળીદાસે છાપ્યું. ઠે. રીલીફ હસ્પીતાલ સામે
પાનાભાઈની વાડીમાં—અમદાવાદ.

નિવેદન.

જ્ઞાતિ હિતાર્થે થતા શુભ પ્રયત્નોમાં ભાગ લેવાની મારી ઇચ્છા જેમ જેમ બળવત્તર થતી ગઇ તેમ તેમ સમાજની બેઠક વખતે આખ્યાનો દ્વારા જ્ઞાતિસેવા ઉઠાવવાના મારા કર્તવ્યનો મને વિશેષ અનુભવ થતો ગયો. બાળલગ્નનો અનિષ્ટ રિવાજ કેટલો હાનીકર્તા છે તેનું **"સતી આખ્યાન"** દ્વારા અને મરણ પાછળનાં જમણો કરી કરીને આપણી જ્ઞાતિ કેવી પાયમાલ થઇ ગઇ છે, તે **"બાપાના પિતાનું પ્રેત ભોજન"** નામક આખ્યાન વડે સમજાવવા મારાથી બનતી સેવા ઉઠાવી તે દરમ્યાન મને અને મારા સહાધ્યાયી મિત્રોને એમજ સમજાયું કે, સંગીત દ્વારા ઉપદેશ આપવાનો પ્રાચિન પ્રથા એ હિન્દુ સમાજને ઉપદેશ આપવાનો શ્રેષ્ટ માર્ગ છે. ભાષણો, આખ્યાનો, લેખો અને નાટય પ્રયોગો જેવા ભિન્ન ભિન્ન માર્ગે જનસમાજની સુધારણા ઇચ્છતો વિદ્વાન વર્ગ પ્રવૃત થાયે છે, તેમ જે જ્ઞાનપ્રદેશમાં આપણે કાર્ય સાધવાનું છે તેનો વિચાર કરતાં આખ્યાન કરવાનો પ્રથા હાલતર અમને ઇષ્ટ જણાયાથી **"મહાલક્ષ્મીનું મહાકષ્ટ"** યાને **"બાળલગ્નના બળાપા"** નામક આ નવિન આખ્યાનનો પૂર્વાર્ધ તૈયાર કરવામાં આવ્યો છે.

નાટકની ચોપડીઓ છપાય છે તેમ આખ્યાનો છપાવીને બહાર પાડવાની ઘણા બન્ધુઓએ માગણી કરેલી અને તે માટે એક દિલસોજ બન્ધુએ પૈસાની મદદ પણ કરેલી પરંતુ નાટકની ચોપડી કરતાં

અરધી કિંમત રાખવા છતાં ખરચેલા પૈસાના પ્રમાણમાં સમાજના ફંડમાં પૈસા આવ્યા નથી; તોપણ જે સંસ્થાનું જ્ઞાતિસેવા એજ દૃષ્ટિ બિન્દુ છે તેના ફંડમાંથી આ આખ્યાન સંપૂર્ણ ભાષણ સાથે છાપવામાં આવ્યું છે. ભાષણ સાથેના નાટકોની ચોપડીની કિંમત એક રૂપિયો હોય છે, જ્યારે તે કરતાં પણ અતિ ઉપયોગી આ ચોપડીની કિંમત માત્ર બેજ આના રાખવામાં આવી છે. આ ખર્ચના સાહસને ઉત્તેજન આપવા માટે સમાજના મેમ્બરો બની શકે તેટલી વધારે ચોપડીઓ ખરીદ કરી જ્ઞાતિબન્ધુઓમાં તેનો ફેલાવો કરશે નહિ તો આવા પ્રકારના જરૂરી કાર્યમાં પણ સમાજના ફંડને નુકસાન થશે એ ધ્યાનમાં રાખવા વિનંતી છે.

અમર.



ॐ

મહાલક્ષ્મીનું મહાકષ્ટ

યાને

બાળલગ્નના બળાપા.

"પૂર્વ રંગ"

મંગલાચરણ

સાખી-કલ્યાણ.

પ્રણમું પ્રેમે ગિરિજા, લળી લળી લાગું પાય;
વાણી વિમલ કર ઇશ્વરી, જનમન રંજન થાય.
ચરણ કમળ શીર નામીને, આરંભુ ગુણગાન;
અમર ભરોંસો આપનો, કર માતુ કલ્યાણ.

પદ. રાગ કલ્યાણ-ત્રિતાલ.

(જયંતિ જગતપતિ.)

વંન્દુ ઉમીઆ સતિ, જનની કૃપાળુ અતિ. વન્દુ.

તું પુનીત તું પાવની મા, તું વિજયવતી;
છબી નીરખી રવિ વિરમે, લાજે કોટી રતી. વન્દુ.
ચરિત્ર કથુ શું અંબિકા, હારે શેષની મતી;
તુજ તપ વ્રતના યોગમાં, નાવે યોગી યતી. વંન્દુ.
ભગવતી યાચું નમી નમી, કરજો સફલ કૃતી;
સુખસંપતિ દો સર્વને, અમરની એહ વિનતી. વન્દુ.

સભ્ય સભાજનો ! આ આખ્યાનનો મુખ્ય વિષય "બાળ-લગ્ન અને તેનું અનિષ્ટ પરિણામ" છે. બાળલગ્નનું વિપરિત પરિણામ સમજાવવા બેસવું એ અન્ય જ્ઞાતિઓ માટે તો સૂર્ય ભગવાનને ઓળ-ખાવવાનો પુરૂષાર્થ કરવા જેવું છે. પરંતુ આપણી જ્ઞાતિમાં એ ભયં-કર રિવાજનું હળાહળ ઝેર રગેરગમાં વ્યાપિ રહેલ હોવાથી આપણને તેનું યથાર્થ ભાન નથી. એ કાતિલ ઝેરની મંદ પણ અતિ ભયંકર અસરથી આપણને તેનાં અનિષ્ટ પરિણામો પ્રત્યક્ષ હોવા છતાં તેનું જ્ઞાન થતું નથી ને પ્રતિદિન—

ગીતિ.

ધીમેથી લોહી ચુસી, કીધા સહુને વ્યાધિ ગ્રસીત ક્ષયના;
અલ્પ જીવન હવે ભાસે, ચેતો દિવસો સમીપ છે લયના.

જ્ઞાતિના અંગેઅંગે પ્રગટેલી મીઠી પણ મૃત્યુ ઉપજાવે તેવી ઝેરની અસરથી આપણી જ્ઞાતિ ઠામ ઠામ અધમ દશાને પામેલી દ્રષ્ટિગો-ચર થાય છે.

આજે અન્ય જ્ઞાતિઓમાં દશ દશ બાર બાર વર્ષનાં બાળકોને પરણાવવાની પ્રચલિત પ્રથાને પણ "બાળલગ્ન" માં ગણી દેશના શુભેચ્છકો તેમાં શાસ્ત્રોક્ત સુધારો કરવા સતત્ પરિશ્રમ ઉઠાવી રહ્યા છે, ત્યારે આપણી જ્ઞાતિમાં તો હજુ અન્ય જ્ઞાતિની મર્યાદાએ આવ-વાને, કરવામાં આવતી આજીજીને આગેવાનો સમજી પણ શકતા નથી. અન્ય જ્ઞાતિનાં ૧૦–૧૨ વર્ષની વયનાં લગ્ન પણ જ્યારે વિદ્વાનોની દૃષ્ટીમાં બાળલગ્ન લેખાયાં છે ત્યારે આપણી જ્ઞાતિમાં થતાં લગ્નો-જ્યાં વરકન્યા પારણામાં ઝુલતાં હોય છે, યા લગ્નના અતિ મહત્વના

વિધિ વખતે મુક્તકંઠે રૂદન કરી રહ્યાં હોય છે, તે લગ્નને શાસ્ત્રમાં વર્ણવેલા વિધ વિધ પ્રકારમાં—કયા પ્રકારના લગ્નમાં ગણવાં? શાસ્ત્રીઓ, પુરાણીઓ અને વિદ્વાનો આપણા આ પ્રશ્નના જવાબમાં હાર પામી ગયા છે. આ સુધરેલા જમાનામાં—શોધ ખોળના ચાલુ જમાનાના વિદ્વાનોએ આ અતિ ગંભીર પ્રશ્નના ઉત્તરમાં તેમની લાંબી શોધના અંતે જણાવ્યું કે તે "ઢીંગલા ઢીંગલીનાં લગ્ન" છે. કારણ કે ઢીંગલા ઢીંગલીનાં લગ્ન કરનાર—માતા પિતા—જેમ અજ્ઞાન દશાવશ બુદ્ધિહીન બાળકો હોય છે, તેમ આપણામાં પણ આવાં લગ્ન કરનાર માતા પિતા-શાસ્ત્રાજ્ઞાને તજી દેવાથી, બાળકબુદ્ધિજ—હોય છે અને તેના પરિણામે—

મરાઠી સાખી.

ધર્મ કર્મને ધોઇ નાંખ્યાં, ગાડર સમ ઝુકાવી,
ઉપરથી ઉપહાસ્ય કરાવી, ગાંઠનું ગરથ ગુમાવી;
આવી રસમ થકી ભાવી,
ભુંસ્યુ શર્મ જરી ના'વી....આવી.

આવી વિધિનાં આપણાં લગ્નને લીધેજ અન્ય જ્ઞાતિજનો અરે સમગ્ર દુનિયાં આપણે માટે બોલે છે કે—

મરાઠી સાખી.

બાળ રમે ઢીંગાની સાથે, ઢીંગીને પરણાવી,
પરવા ના ગુણ દોષ કે વિધિની. ઘડીમાં ઘર મંડાવી,
આવી કજોડી જોડાવી,
લડાવી દે ઘર ભંગાવી...આવી.

જ કમે કણબીના વિવા, જોડ ન જગ જડતી,
ચાંળી ચાંળી દિનની વરકન્યા, ઉંઘતી ચોરીએ ચડતી;
કકળતી કેં રતનપય પીતી,
કેં કરૂણ રવ કરતી....કકળતી.

આવાં આવાં અનેક ઉપહાસ સહન કરવા છતાં પણ જો આ લગ્નપદ્ધતિથી કાંઇ પણ ફાયદો જણાતો હોય તો એક જુદી વાત છે. અરે, ભલેને કદી ફાયદો ન હોય પણ જો એમાં નુકશાન ન હોત; તોપણ થતા ઉપહાસને શાંતિથી સહન કરી લેત, પરંતુ આ પ્રથામાં તો પાયમાલી સિવાય કાંઇ જણાતું નથી. જો કે ઘણાકાળથી આ રિવાજ ચાલુ છે અને તેથી એના પરિણામે આજે ભૂતળપર હોવાને બદલે આપણી હયાતી માત્ર જ્ઞાતિઓના ઇતિહાસના પાનાપરજ હોત; પરંતુ પ્રમાણમાં અન્ય જ્ઞાતિઓ કરતાં અતિ બળવાન જ્ઞાતિ, જંગલમાં અને પ્રકૃતી રચીત સૃષ્ટીમાં વિશેષે કરી વિચરનારી, ધંધાના અંગે વિશેષ વ્યાયામ કરનારી, કસાયેલી જ્ઞાતિ, દેશની સમૃદ્ધિને સમા સાધાન સમાન ગણાતી જ્ઞાતિ એમ ઝટ અસ્ત થઇ ગઇ નથી. પણ તેની પૂર્વની શારીરિક, માનસિક અને આર્થિક જાહોજલાલી ને બદલે આજે બાળલગ્નના અતિ કષ્ટસાધ્ય ક્ષયના વ્યાધિના લીધે શું રહ્યું છે?

બાળલગ્ન સમ ક્ષયના વ્યાધિથી ડોલી જતી જ્ઞાતિ માંડમાંડ અન્ય ઉચ્ચ જ્ઞાતિઓમાં પોતાનું પદ જાળવી રહી છે. જેમ ક્ષયનો મહા વ્યાધિ મંદ મંદ પણ મક્કમ રીતે શરીરમાં ઘર કરી દરદીનું લોહી ચુસી હાડપીંજર સમ બનાવી મૂકે છે અને અંતે એકમાંથી અનેક વ્યાધિઓ ઉત્પન્ન થતાં પોતાનું વિકાળપણું પ્રગટ કરી પ્રાણ લેછે, તેમજ બાળલગ્નની આ ભયંકર રૂઢીનું પરિણામ એ આવ્યું છે.—

લાવણી.

પ્રથમ પ્રગટયો બાંહ્યવરનો, રિવાજ મહા ધિક્કાર ભર્યો,
જડ સાથે ચેતન પરણાવી, પુષ્પદડાનો પ્રચાર કર્યો,
કુમારિકાને દીધું દૂષણ, વિધવાને સ્થાને મૂકી,
ગણે અષ્ટમંગળી કન્યાએ, સર્વ ધર્મ શાસ્ત્રો ચુકી,
થયાં કજોડાં અનેક જેથી, લખણાનો વિધિ નીકળે,
આમ અનેક દુરાચારોથી, વર્ણ દ્વિજ શુદ્રોમાં ભળે.

યોગ્ય વર ઘર ન મળવાથી અતિ શરમ ભરેલો બાંહ્યવરને કુલના દડાનો પ્રયાસ શરૂ થયો. પોતાની નિર્દોષ કુમારિકાને એક ક્ષણુનાં વિધવા બનાવી સ્નાન કરાવીને, અષ્ટમંગળી કરવી અને તે પણ ભગવાન શંકરનાં પટરાણી મહામાયા દેવીશ્રી ઉમાના નામથી ! ! અરે સભ્ય સદ્‌ગૃહસ્થો ? હવે તો આ જમાનામાં આ રિવાજથી હદ આવી ગઈ છે. બાળલગ્નના પ્રતાપે વરકન્યાને વહેલાં પુંખવાં પડે છે, અને પરિણામે—

મરાઠી સાખી.

પુત્ર પુંખીને થાતી પનોતી, માંથે મુકી મા મોડી,
વર વધુ લડતાં જોડી કજોડી, તોડી સબંધને છોડી,
જોડી ઝટ બીજી જોડી,
હે જ્ઞાન હિણા હોડી....જોડી.

ગુણ સ્વભાવનાં કજોડાં થતાં કુટુંબ કલહ અને પછી લખણાં કરવાં પડે છે. બાળ વયમાં પુંખણાં થાય છે અને પછી વિદ્યાદેવી રીસાઇ જતાં બાળકો નિશાળ છોડી, જન્મભર અજ્ઞાન રહી, હલકા પગારે નોકરી કરી હાડ હાડ થઈ જીવન પૂરૂં કરે છે. કુટુંબ કલહ, કુસંપ, કજોડાં, હિત્રયા, છુટા છેડા અને બ્રહ્મચર્યના ભંગથી જે મહા અનર્થ થયો છે, તે કોઇ રીતે યથાર્થ વર્ણવી શકાય તેમ નથી; તોપણ આ રિવાજનો પ્રત્યક્ષ ચિતાર આપવા આજે આપની સમક્ષ યથાશક્તિ પુરૂષાર્થ કરી મહાલક્ષ્મી નામે એક ગુણિયલ સુશીલ બાળાનું મહાકષ્ટમય આખ્યાન સંગીત સાથે શરૂ કરવાની રજા લઉં છું.

પૂર્વરંગ સમાપ્ત.

શ્રી ઉમિયા માતાની જય.

ઉનાળાના મધ્ય ભાગમાં, એક દિવસ બપોર પછી ભાગલપરના ચોરામાં મુખી પટલ **શામળદાસ** તથા મતાદાર **બોડીદાસ** પોતાના સોબતી હાંસજી, રૂપજી, વાલજી, માલજી, તથા કાળીદાસ, ધોળીદાસ, ભોળાદાસ વગેરે વગેરેની સાથે બેઠા હતા અને તરેહ તરેહના ગપ-ગોળા ફેંકી ઉનાળાનો ફુરસદનો વખત વિતાવતા હતા.

ચોરાના એક ખુંણામાં થાપા કુંડામાં હોકા ભરવા સળગાવેલા લાકડાનાં ફાડાં, નાની સરખી હોળી સમાન સળગતાં હતાં, ત્યારે બીજા ખુંણામાં ઘડમાંચી ઉપર ધોળી છારી વળેલી પાણીની બીસમીલા —મીઆંગોળી—પડી હતી.

ઉપરોક્ત મંડળ માંહેનો એક જણ ખરલમાં અફીણ ઘુંટી કસુંબો તૈયાર કરતો હતો, ત્યારે બીજો એક જણ હોકાની ચલમનું ખાનું ખોતરી તેને દુરસ્ત બનાવતો હતો; અને બાકીના બીજા સામળદાસના સામા કેડું બાંધી કુંડાળે વળી બેઠા બેઠા ગપ્પાં મારી મુખીની હામાં હા મીલાવતા હતા. મુખીનો દીકરો **નાથો** ચોરાની જેર ઉપર બેઠો બેઠો **"કડવા વિજય"** નામનું માસિક વાંચતો હતો.

સઘળું મંડળ વાતોમાં એવું તદાકાર થઇ ગયું હતું કે તેઓ ભૂમંડળ ઉપર છે કે, ગગનમંડળ ઉપર છે તે વિષેનો તેમને ખ્યાલ સરખો પણ આવતો નહોતો. એટલામાં એક હાથમાં રૂપેરી હોકો અને બીજા હાથમાં લાંબો ચીપીઓ લઇ પરધુ બારોટ ચોરાના પગથીઆ પર ચડતા જણાયા. ચોરા ઉપર પહોચતાંજ બારોટની વાકબારા શરૂ થઇ.

બારોટ— કવિત.

કરણનો અવતાર તું, ભલે પાકયો શામળા,
કવિજન ગુણ જેના ઘરે ઘરે ગાય છે;
કરી બાપાનું બારસું દેશમાં ડંકો દીધો,
જોઈ જશ સપુતનો પૂર્વજ રાજી થાય છે.
ત્રુઠે રાજા રામ જેવો રૂઠે ના ડંખ છોડે,
ચોવટની ચોટ એવી શાણાઓ શરમાય છે;
ખોડો બાપો ખરો શૂરો પુરો જશ લોભમાં,
પ્રભાતમાં નામ લેતાં પાપ પ્રલે થાય છે.

ભલે બાપા ભલે ! ભલે બાપા ભલે ! કરોડ દિવાળી રાજ કરો, માતાજી અખુટ ભંડાર ભરો, બાપાની ગાદી અમર તપો, બાપો તો ભુખ્યાનું અન્નખેતર છે, તરસ્યાનું સરોવર છે, ભલે ! કર્ણના અવતાર ભલે !

શામળદાસ તો બારોટનું ગીત સાંભળી આફરીને ઢમઢોલ થઇ ગયા અને બોલ્યા,

શામ—આવો બારોટજી આવો ! હોકો ભર્યો છે કે ભરવો છે.

બારોટ—બાપા ! વહેલો ભર્યો હતો પણ આવે છે.

શામ—બળી ગયું હશે. લ્યો તમાકુ, ફરી ચડાવો.

બારોટ—ભલે બાપાની જેવી મરજી, ભલે શામળદાસ સપુત ભલે, બાપાના પગરખામાં બીજો કોયો પગ ઘાલી શકે તેમ છે !

બારોટે શામળદાસ પાસેથી તમાકુ લઇ હોકો ભર્યો, અને પછી

રાવણામાં આવીને બેઠા, એટલામાં કસુંબો તૈયાર થયો. શામળદાસે ઘોબો ભરી બારોટને મીઠા કરવાનું કહેતાંજ બારોટની વાગ્ધારા શરૂ થઇ.

અમલ ખાજો ઠાકરો, માતા થાજો મલ;
પુરણ હારો પુરશે, જખ મારે જેમલ.

બારોટે ખાસો ત્રણ ઘોબા, આશરે અડધો શેર કસુંબો પીધો. હાથ ધોઇ પટલે ફરી ઘોબો ભરી "અગ્રે અગ્રે વિપ્ર" એમ બોલી મુળશંકર દવેને પાયો. ત્યાર બાદ એક પછી એક એમ સઘળાને કસુંબો અપાયો. ઉપર સોપારીના કટકા વહેંચાણા. આવી ઉજાણી હંમેશાં બાપાની ડાભડી ઉપર થતી હતી! કસુંબો પીવા પાવાનું કામ આટોપાઇ જતાં મુળશંકર દવે બોલ્યા.

મુળ—આ મોતીના ડાહ્યાનું કાલ બારસું છે તે સહુની રજા લેવા આવ્યો છે.

મોતી—હા, મુઠી મગ મળે તે વાપરવા છે.

શામ—મોતી અત્યારે તારી વેળા નથી એટલે તમારો બાદ કર્યો હોત તો ચાલત.

મોતી—રજો ખપે મળી રહેશે.

બારોટ—હા ભાઇ નાણાં ! તો રજો ખપે મળે છે પણ આવતરના ટાણાં ! કાંઇ ફરી ફરી મળે છે ?

શામળદાસે સહુને પુછી કારજ કરવાની મોતીને રજા આપી, એટલે મોતી ઉઠી ચાલતો થયો. શામળદાસ મુળશંકરને પુછવા લાગ્યા.

શામ—હવે તમારો અંબાશંકર ભણવા ગયો હતો તે આવ્યો કે નથી આવ્યો ?

મુળ—આવ્યો છે બાપા! ઉનાળાની છુટીઓ પડી છે. તમે નાથાભાઇને અંબાશંકર સાથે ભણુવા મોકલ્યા હોત તો બહુજ સારૂં.

શામ—નારે ભાઇ! મારે તો ઘર બહાર કાઢવો નથી, આટલું ભણ્યો છે, એ ઘણુંય છે.

બોડી—હવે! છોકરાને ભણાવામાં તો વાટ ઉઠી જાય છે. અને તેમાં વળી શેહેરમાં તો છોકરૂં ટકાનું થાય છે.

ધોળી—હવે આપણે તે છોકરાને ભણાવી ક્યાં મેતાગરી કરવા મોકલવો હતો? સાંતીકું હાંકી ખાય એટલે રાયજદું.

આ પ્રમાણે વિદ્યા સંપાદન સંબંધી વાત નીકળતાં નાથો જે ચોરાની ઝેર ઉપર બેસીને "કડવા વિજય" વાંચતો હતો, તે તરફ શામળદાસનું ધ્યાન ખેંચાયું.

શામ—નાથા! બધવારીઆમાં શું લખ્યું છે?

બોડી—શું લખે ધૂળ? એ તો છાપખાનાવાળાની પેટ ભરાઇ છે, બીજું શું?

નાથો—બાપા! એમાં લખ્યું છે કે ચોવટપુરમાં લગ્ન વધાવ્યાં અને ગોળનાં ગાડાં લુટાવ્યાં.

બારો—બાપા ભાઇએ તમારા જેવા થશે હો, સિંહના તો સિંહજ હોય! બાપા, ઓણુના વિવાહમાં આપણા ઘરમાં કેટલાં વરઘોડીઆં પરણનાર છે?

શામ—આપણા ઘરમાં તો એક મહાલી, અને ચેલાના બે છોકરા; બાકી માઢમાં તો ચાળીસ પચાસ વરઘોડીઆં છે.

બારોટ—સગપણ તો કરી દીધાં હશે ?

શામ—હા, મહાલીનું સગપણ તો ચોવટપુરમાં ગડબડલાલ સીતાફળના ઘરે કર્યું છે, પણ ચેલાના બે છોકરાના રૂપીઆ પાછા ફર્યા છે. ચોરીમાં બંને કન્યાઓ વરી ગઇ.

બારોટ—રામ ! રામ ! રામ ! ખોડા બાપા, આપણામાં કેટલાંક વરધોડીઆં છે ?

ખોડી—અમારી બે છોડીઓ અને ગલાબાનો અને મોરારનો એક એક છોકરો છે. બારોટ આગુના વિવાહમાં તમારે ઘી કેળાં છે.

બારોટ—ભલે હોય ! જગમાયા તમને રૂડા દી દેખાડે તો પછી અમારે ઘી કેળાં કેમ ન હોય ? પણ બાપા, આબોડ પાબોડમાં તો લગનીઆ આવી ગયા ત્યારે હજુ આપણા ગામ કેમ નહીં આવ્યા હોય ?

નાથો—બાપા, આપણામાં તે આ કેવો ચાલ ?

કવાલી.

અરે આ ચાલ શો આવ્યો, નહીં કોઇ જાતનો લ્હાવો.
નહીં કોઇ શાસ્ત્ર આધારે, અવર કોઇ જ્ઞાતિ આચારે.
વિધિથી ચોરી ના કરતા, પીઠી ના અંગપર ધરતા,
રડતાં બાળ પરણાવે, હૃદયમાં ક્ષોભ ના લાવે.
ન આવે ભાઈ કે બેની, ગણુતરી ખર્ચની તેની,
નં આવે સ્નેહી સંબંધી, અરે આ ચાલથી અવધી.
મમતમાં ખર્ચ બહુ કરતા, નહીં પાછા પગો ભરતા,
બનીને આપ અજ્ઞાની, સહે હાંસી ને નુકશાની.

શામ—એ તો આપણામાં ઘરડાવારીનું થતું આવ્યું છે. માતાજીનાં કમાડ ઉઘડે ? ત્યારેજ લગન થાય.

બારોટ—હા ભાઇ, જોગમાયાના હુકમ વિના કૈડવાનાં લગન થાય નહીં.

નાથો—કમાડ શું ઉઘડે ધૂળ ! જો માતા હુકમ આપવા બેઠાં છે ! કળજુગમાં એવુંતો હોયજ નહીં.

ખોડી—હ્યોઓઓ... જોયું ? ભણાવામાં સાર નીકળ્યો તે; આપણે તો કહીએ છીએ કે, છોકરો ઉગીને સમો થાય કે તરતજ ખેડમાં ચગદી ઘાલવો.

બારોટ—નાથાભાઇ ! એવું ન બોલાય. કુળદેવીને ફૂડ પડી જાય. માતાજી વરઘોડીઆં હેમખેમ રાખો.

નાથો—બાપા હું સાચું કહું છું કે—

ગાયન.

જાય છે જાય છે જાય છે રે,
સહુ વહેમે લેવાયા જાય છે;
માનો ન માનો મરજી તમારી,
આંધળે બ્હેરૂં કુટાય છે રે.... ... .સહુ.

શામ— બોલમાં બોલમાં બોલમાં રે,
તું વગર વિચાર્યું બોલમાં;
ફૂડ પડે આને વાતની વાતમાં,
આખું ડાહાપણ ડોળમાં રે..... ....તું વગર.

નાથો— પોણુ દેખે ત્યાં પેસે છે સર્વે,
ઉદર ભર્યાનો ઉપાય છે રે. ... ... **સહુ.**

શામ— ભુંડું કર્યું તને ભણાવી નાથીઆ,
કાચું કપાડે છોલમાં રે. .... **તું વગર.**

નાથો— સાચું કહું છું, ઘતીંગ છે સઘળું,
આંખોએ પાટા બંધાય છે રે..... ...**સહુ.**

શામ— અંગારો ઉઠયો શું કુળમાં તું તો,
હિમ પડયું આ તો મોલમાં રે.... **તું વગર.**

રાતની વાતમાં બાપ દિકરા વચ્ચે વાકયુદ્ધ થયું. નાથો ગુજરાતી છ ચોપડી શીખ્યો હતો. વધુ ભણાવ્યો હોત તો ભણી શકે તેવી તેની બુદ્ધિ અને ગ્રહણશક્તિ હતી. પણ જ્ઞાતિની પ્રથા વિદ્યા દેવી સાથે રૂસણું લઈ બેઠી હતી, એટલે નાથાને વિશેષ વિદ્યા સંપાદન કરવાનો લાભ મળી શકયો નહોતો; તોપણ તેની સ્વાભાવિક સમજણ સારી હતી. શામળદાસના બડાશી વાળી વાત તેનાથી સહન ન થતાં તે બોલ્યો—

નાથો—બાપા! મારૂં શા માટે બગાડો છો? જે વિવાહમાં આંધળે બહેરૂં ન કહેવાતું હોય તો ગડબડભાસ સીતાફળને તમે શા સારૂ નોતરો? હું તેમનું ઘર જોઈ આવ્યો છું અને સઘળી વાતો પણ સાંભળી આવ્યો છું.

શામ—સગપણ સાંધાની વાતમાં તું છોકરૂં શું સમજે? સીતાફળ જાતમાં કેટલા ઉંચા ગણાય છે, દસ રૂપિયા તેમને ઘરે બેગા

થયા હતા અને એક બેને તો તે હા પણ પાડી મુક્યા હતા; છતાં આપણો રૂપિયો સંઘરાવ્યો એ કેટલી મહેનત પડી હશે!

નાથો— ગીતી.

બોલીને ફરનાર, સબંધ તેનો સાગો શું જાણો?
બોલનો તોલ ન જેને, જન એવાની પતિજ શું આણો?

બાપા, બેને હા પાડ્યા છતાં, વધુ રૂપિયાની લાલચે તેમનો સંબંધ તોડી તમારી સાથે સંબંધ જોડનાર, તમારાથી વધુ નાંણું આપનાર મળતાં, તમને નહીં રખડાવે તેની શું ખાતરી?

શામ—તેમ થાય તો પણ કેમ કરીએ? એ કુળવાનને તો હજાર પુછતાં આવે અને જેનો રૂપિયો ફાવે તેનો રાખે. **એ તો આપણામાં થતું આવ્યું છે.** !!

નાથો—નહીં! નહીં! એનું નામ કુલીનતા ન કહેવાય, અમારા ભણતરમાં તો એવું આવ્યું છે કે—

છપ્પો.

કુળવાન છે એહ, વચનનું જતન કરે છે,
કુળવાન છે એહ, ક્લેશે દીલ ડરે છે;
કુળવાન છે એહ, સગાની લાજ વધારે,
કુળવાન છે એહ, બગડીયું કાજ સુધારે;
વળી દુઃખમાં જે દુભાય તે, ઉત્તમ કુળ ગણાય છે;
અમર એવા કુળપતિનું, પ્રેમે પૂજન થાય છે.

પૈસાના લોભે એક વખત કબુલ કરેલી કન્યા, વચન હારી વિવાહનાં મોઢે તજી દેવી, અને કન્યાના બાપને ખાડો પુરવાનો સંજોગ મેળવી દેવો, એ કુલિનતાનું લક્ષણ નથી.

બારોટ—બાપા ! આજ કાલનું ભણતરજ એવું છે, એમાં કાંઇ નાથાભાઇનો વાંક નથી.

ખોડી—આપણે તો નક્કી કર્યું છે કે, છોકરો ભણ્યો એટલે ભાત શીરામણુમાંથીએ ટળ્યો. હું તો ઢોલ વગાડીને કહું છું કે ઉગીને સમો થાય કે ખેડમાં ચગદી ઘાલવો.

નાથો ખોડીદાસને કાંઇક જવાબ આપવા જતો હતો, એટલામાં તો ચાર બ્રાહ્મણો મેઘ સમાન ગર્જનાથી "ઉમિયા માતની જય." બોલી ચોરા ઉપર ચડયા અને સઘળા વચ્ચે સર્વેને આશીર્વાદ આપી કંકું છાંટવા લાગ્યા. તેમાંથી એક જણ શામળદાસના સામું જોઇને બોલ્યો—

લગની—બાપા, અમે લગનીઆ છીએ અને ઉંઝેથી લગન લઇને આવ્યા છીએ.

શામ—ભલે પધાર્યા મહારાજ. અલ્યા ધાંયજો કયાં ગયો ? લાડકા ગાંધીને ખબર કરી આવ.

ધાંયજો ઉત્સાહભર્યો લાડકા ગાંધીને ખબર આપવા ગયો. થોડો વખત વ્યતિત થયો નહીં, ત્યાં તો લગનીઆ આવ્યાની ગામમાં ખબર થઇ. જાણે લગનીઆ કૈલાસપુરીમાંથી પરભાર્યા આવ્યા હોય એટલી તાજુબીમાં બૈરાં છોકરાં ટોળે મળી તેઓને જોવા આવવા લાગ્યાં.

બાંયજો લાડકા ગાંધીને ખબર આપી ચોરે આવી બેઠા. તે જોતાંજ લગનીઆનો મીજાજ ગયો.

લગ—અલ્યા બેસી કેમ રહ્યો છું ? કુંભારને બોલાવી પાણી ભરાવ, કાંઇ વાસણ કુસણ લાવ, લગન લઇને આવ્યા છીએ, કાંઇ ટેલ નાખવા નથી આવ્યા, સમજ્યો ?

બાંયજો ભૂદેવોની ફરમાશ બજાવવા ચાલ્યો. લાડકા ગાંધી પણ પહોંચી ગયા. તેને જોઇ પટેલ બોલ્યા—

શામ—આવો ગાંધી આવો, કસુંબો કાઢશું કે રૂગુ લેશો ?

લાડકો—ના બાપા, કાંઇ લેવું નથી. મારાના ઘેર વેલડું આવ્યું છે તે જરા એ વેવાઇને ડોબા પડ્યો હતો, તેથી ત્યાં ગયો હતો. બેઉને સમજાવી રસ્તે પાડ્યા અને બેઆને આગ્રહ કર્યો એટલે ત્યાંજ કસુંબો લઇ લીધો, બાપા !

બારોટ—લાડકો ગાંધી આપણા ગામમાં બહુ ડાહ્યું માણસ છે. "વગર પ્રધાને વાણીએ, ગયું રાવણનું રાજ" એ કાંઇ ખોટું નથી.

પટેલ—ગાંધી ! ઉત્રેથી લગન લઇને લગનીઆ આવ્યા છે. તો જ્યાં સુધી તે અહીં રહે ત્યાં સુધી તેમને પાકાં સીધાં આપજો.

લાડકો—કોના ખાતે ?

શામ—ચોરા ખાતે.

ગાંધી—ચોરા ખાતે ચારસો લેણા છે. તેનો કોઇ ભાવ પુછતું નથી. તે સારૂ કચરાએ આજ ત્રણ દીવસથી મને ગળે ઝાલ્યો છે.

શામ—કાલે મોતીને ત્યાં મોદમાં સહુ ભેગા થશે એટલે હીસાબ કરી આપીશું.

વાણીઓ કાચા ગુરૂનો ચેલો નહોતો. તેણે ધાર્યું કે અત્યારે બરાબર લાગ છે. બાપા લાજમાં લેવાશે, અને હીસાબનો ગોટો નીકળી જશે. તેણે બાપાને ચડાવ્યા.

લાડકો—મોદનું શું કામ છે ? ગામ કાંઈ તમારા શીખા બહાર નથી, અત્યારે તમારે ખાતે જમે ઉધાર કરાવો એટલે કચરાનો કકળાટ મટે. કહેશો ત્યારે કાઢી નાખીશું. કેમ મુળશંકર હવે !

મુળ—હા એમ થાય તોપણ કાંઈ હરકત નથી. કોણ ઉબળ જઇ શકે તેમ છે.

શામળદાસ લાજમાં લેવાણા. ચોરા ખાતાની ચારસોની રકમ પોતાના ખાતે ચડાવવાની હા પાડી એટલે વાણીએ મુળશંકરને પાસે રાખી નામું મંડાવી લેવાની પણ ભેગાભેગી કબુલત લઇ લીધી અને લગનીઆનું સીધું જોખી આપવાના બહાને મુળશંકરને સાથે લીધો. એક લગનીઓ પણ સાથે ગયો. પ્રથમ લગનીઆને શેરીકાથીનું સીધુ જોખી આપી રવાના કર્યો. પછી દલાલી પેટે મુળશંકરને પણ બે સીધાં જોખી આપવામાં આવ્યાં. સઘળું પ્રથમ ચોરા ખાતે અને પછી શામળદાસના ખાતે ઉધાર થયું. મુળશંકરે ખાશી ચારસોની બાકી કાઢી શામળદાસના વતી સહી કરી આપી. શામળદાસનું ઘરખાતું પણ આ વાણીઆને ત્યાંજ હતું અને તે ખાતાનો હીસાબ પણ હમેશાં મુળશંકરજ તપાસતો હતો, છતાં તેનું પેટ કાંઈ નકુર નહોતું. ગાંધીએ માંડયું સઘળું સહી કરતો અને તેના બદલામાં પોતાનું પેટ ભરતો. બંનેના ચીતમાં નીરંતર લક્ષ્મીનુંજ રટણ રહેતું હતું.

લક્ષ્મીદેવી પણ પોતાના આ બન્ને ભગતની ભક્તિને આધીન થઇ પ્રસન્ન થયાં હતાં. આખું ગામ બંને મદારીની મોરલીના નાદ પર નૃત્ય કરતું હતું. ઘણા માણસોનાં ખાતાં તેઓના ત્યાં હતાં. ખાતેદારોને ઉંદરની માફક ફુંકાને ફોલી ખાવામાં તેઓ કુશળ બની ગયા હતા. ખાતેદારો જ્યારે ખાલી ખોખાં થઇ ગયા હતા ત્યારે લાડકા ગાંધીએ ખાસું પચીસ ત્રીસ હજારનું સરવૈયું તારવ્યું હતું. તે સાથે મુળશંકર દવે પણ તેમનાથી કાંઇ અધિક ઓછે નહોતા. આ વ્યવસ્થામાં આર્થિક સ્થીતી સુધરવાની શી આશા? હવે તો હે પરમાત્મા!!

ગાયન. ખમાચ હુંમરી તાલ ત્રિતાલ.

અવિનાશી અવિનાશી કરો કરૂણા હવે તો અવિનાશી;
શ્રમ વેઠી સુખ સહુને દેતાં, નિત્યે રહીએ ઉદાસી. કરો.
તદપિ મૃતકને ફોલે ગીધ તેમ, થાય અમારી દશા શી. કરો.
સહન કરો કેમ સમદર્શી છો, નાથ આ અકળ કળાશી. કરો.
અજ્ઞાન તિમિર નષ્ટ કરો પ્રભુ, જ્ઞાનનો ચંદ્ર પ્રકાશી. કરો.
કમળાપતી હવે કર સાહોને, વિનવું હું પાય તળાંસી. કરો.

શામળદાસે શર્માએ પોતાને ત્યાં સહુને એકઠા થવા માટે ગામમાં ધાંયજો ફેરવ્યો. ધાંયજો ગામમાં ફરતો ફરતો મોટા માઢમાં ખોડીદાસના ઘરે ગયો તો તે માઢવાળાને ત્યાં એકઠા થયેલા જોયા. સઘળા લગ્ન વધાવવા સબંધી વિચાર કરતા હતા. ધાંયજે ખોડીદાસને કહ્યું.

ધાંયજો—ખોડા બાપા! પટેલને ત્યાં આપણા માઢમાંથી સહુને

બોલાવ્યા છે. લગ્ન વધાવવાનો વિચાર કરવા માટે બધા ભેગા થવાના છે.

ખોડી—ઠીક જન આવવું હશે એ આવશે.

ધાંયજો ખોડીદાસના માઢનો રંગ પ્રથમથીજ સમજી ગયો હતો. કાંઇ પણ વધુ બોલ્યા સિવાય તે ત્યાંથી ચાલતો થઈ ગયો. અને પટલ પાસે જઇને સઘળી હકીકત કહી સંભળાવી. ઘણો વખત રાહ જોયા છતાં મોટા માઢમાંથી કોઈ ન આવ્યું એટલે પટેલે મુળશંકર દવેને બોલાવી લાડકા ગાંધી સાથે તેઓને સમજાવવા મોકલ્યા. રસ્તામાં ચાલતાં બંને જણાએ વિચાર કર્યો કે, આપણે "બગલાને તો ડહોળે લાભ" છે. જો મમતે પડે તો આપણો વકરો વધશે, અને બંને ઠેકાણે ભાવ પુછાશે.

દુહો.

વાધે વ્યાધિ ગામમાં વૈદો મન મલકાય;
કદી જો જાગે કલેશ તો પંચો મન હરખાય.

બંને જણા ખોડા પટેલને ત્યાં આવ્યા એટલે ખોડીદાસ બોલ્યા.

ખોડી—જુઓ હવે ગામમાં મોટો માઢ અમારો છે અને અસલથી આ માઢમાં લગ્ન વધાવાય છે. ગયા વિવાહમાં ડખો પાડી તેમના માઢમાં લગ્ન વધાવ્યાં તેવું આ વિવાહમાં નહીં બને.

મુળ—થતું હોય એ થવા દો! જગતની રીત છે કે બળીઆના બે ભાગ.

લાડકા—ખોડાભાઇ! હવે સવા સોળ આનાની વાત કહે છે, કાથ વિનાની વાત ઉચ્ચારવીજ નહીં, ચાલો થતું હોય એમ થવા દો.

ખોડી—શું થતું હોય એમ થવા દે? અમે ક્યાં તેમનાથી નબળા છીએ? એને તો માથાના વાળે પારકા છે. હજાર વાતની એક વાત, લગન તો અમારા માટેજ વધાવાશે!

લાડકો—મમતની વાત શંવા છો, કાલ સવારે મોતીને ત્યાં ડોસાનું બારમું છે, તે ગોટાના કજીઆમાં ગરીબ માણસનું બગડી જશે.

વાલજી—શું બગડી જવાનું હતું? ખાવા નહી આવે એ કે બીજું? નહીં આવે તો એટલો વ્યવહાર ઓછો.

મરાઠી સાખી.

વ્યવહાર વાતે ગુચાવું શાંને, ડારો એ નહીં દેવો.
રાખશે જેવો તેવો રહેશે, એમાં ભય શું સેવો.
લેવો લાણનો ગડદો જેવો,
દેવો સામો પણ તેવો. લેવો.

ત્યારે ભેગું થવાનું ક્યાં નોહતું કે પોતાના ઘેર સહુને બોલાવ્યા? આ તો એમને બધી વાતે મોટાઈ લેવી છે.

ખોડી—ગાંધી, એમને કહેજો કે અમારે આવવુંય નથી અને અમારે ભેગાં લગન વધાવવાંય નથી.

લાડકો ગાંધીએ તથા મુળશંકર દવેએ તેઓને ઘણી રીતે સમજાવ્યા પણ સઘળું નિષ્ફળ ગયું. બંને જણા પટેલ પાસે આવ્યા અને તેઓની સઘળી વાત કહી સંભળાવી.

શામળદાસ મમતમાં ખોડીદાસથી ખસે તેવા નહોતા; તેમણે પોતાની પાટીવાળાને પુછ્યું કે,—

શામ—કહો સઘળા ભાઇઓનો શો મત છે?

સઘળા—લગન આપણે વધાવી લ્યો! એ ન આવે તો કાંઇ નહીં! ભલે એમના ઘરે રહ્યા.

ગોવીંદ—પણ કાલ મોતીના ત્યાં બારમું છે તેનું શું કરવું.

શામ—એ બાબત તો એમજેજ ગોખું કરી નાંખ્યું છે.

ચેલો—એમાં લાંબા ટુંકા વિચાર શા કરવા છે. આપણી પાટી-માંથી કાલ કોઇએ મોતીને ત્યાં ખાવા જવું નહીં એટલે એની મેળે પાંસરા નેતર થશે.

ચેલાએ બતાવેલો રસ્તો સહુએ પસંદ કર્યો, ઠરાવ પાસ થયો. ગરીબ માણસના બાપનું બારમું રઝળાવવાનું એકતરફી **જજમેન્ટ** અપાયું. એમાંથી એક પણ મોતીને બોલાવ્યો નહીં તેમજ પોતાના ચુકાદાના ખબર સરખા પણ આપ્યા નહીં.

મોતી ગરીબ સ્થીતીનો જથ્થા રહીત હતો. સત્ય રીતે તે ગામનો અસલ વતની હતો. પટલાઇ તેના ઘરની હતી પરંતુ પ્રારબ્ધ યોગે તેના વડીલોને ઉપરાઉપરી બારનાં ઉજવવાના અવસર પ્રાપ્ત થતાં શ્રી લક્ષ્મીદેવી આગરુના અંધાર પછેડા ઓઢાડી અદ્રશ્ય થઇ ગયાં હતાં. જોડે માણસોનો પણ ઘસારો લાગતાં, પુરુષાતું ઘર પાછળ પડી ગયું હતું, તેને બે વરસનો એક દિકરો હતો. વિવાહ નજીક હોવા છતાં તેના સબંધ માટે કોઇ ભાવ પુછતું નહોતું. ડોસાએ પણ અવ-સર સાચવ્યો. બારમું નહીં થાયતો જરૂર છોકરો કુંવારો રહેશે એવી એવી ખોડીદાસે તેને સલાહ આપી હતી. તેથી લાકડા ગાંધીને ત્યાં ઘર ગીરો માંડી તેણે કારજનો ઉપાડ કર્યો હતો. તેની આવી દયા-

જનક સ્થીતીથી નાથો વાકેફગાર હતો. અત્યાર સુધી તે સઘળી વાતો મુગો રહી સાંભળતો હતો તથા સઘળી ઘટના જોતો હતો. મોતી વિરૂદ્ધ આખરનું હુકમનામું ટીપાઇ જતાં તેને વિચાર આવવા લાગ્યા કે—

ગઝલ.

હે હરી આ શો ત્રાસ વર્તે ત્રાસ સહુ અજ્ઞાનના (૨)
ઠાર ઠાર ખાર દીસે પ્યારને કહીં સ્થાન ના;
બંધુતા વિનાશ પામી દાસ બન્યા ગુમાનના. હે.
રૂઢી કુડી છે કે રૂડી રાખે તેનું ભાન ના,
જુએ ન આંખ ખોલીને લાભ હાનીનું ધ્યાન ના. હે.
કર કૃપા કૃપાળુ થઇને ખોલો દ્વાર જ્ઞાનનાં. હે.

વળી નાથાના મનને વિચાર આવ્યો કે, આ સમતાળુ મંડળ ગમે તેટલું સમજાવવા છતાં પણ માનશે નહીં. છતાં તેના અંતઃકરણની નિષ્પક્ષપાત લાગણીએ તેને મૌન્ય રહેવા દીધો નહીં.

નાથો—બાપા આ કલેશ શા સારૂ કરવામાં આવે છે ?

છપ્પો.

કલેશે જાયે સુખ કલેશે નીંદ્રા ના આવે,
કલેશે નીપજે મોત કલેશે દુશ્મન ફાવે;
કલેશે ક્ષય કુળ થાય કલેશે શાન્તિ નાસે,
કલેશે સઘળા ભોગ રોગની સમાન ભાસે;

વળી ક્લેશે ચિત ઠરે નહીં, શ્વાન ગતી મતી થાય છે,
અમર ક્લેશના સંગથી જ્ઞાન સમુળુ જાય છે.

માટે, માતાજીના મંદીરમાંથી નીકળેલા લગનનું આ સુંથણુ મને જરાપણ રૂચતું નથી. મોટા માઢવાળા ન માને તો કાંઇ નહીં આપણે સૌ ત્યાં જઇશું અને ભેગા મળીને લગ્ન વધાવી લઇશું "નમે તે ભારે" એમાં શું ?

શામળ—

ગાયન.

નહીં થાયે (૨) એ વાત કદી નહીં થાયે
શું મુચ્છનું પાણી જાયે. નહીં.

નાથો— નહીં જાયે (૨) નહીં મુચ્છનું પાણી જાયે
જે નમે એ ભારે ગણાયે....................નહીં.
શું મમત ચિતમાં ધારો કાંઇ લાભ હાની વિચારો
આ ક્લેશનું બીજ વવાયે...............જે નમે.

શામળ—સો બસો અધિકા ખર્ચશું,
પણ વાત જવા નહીં દઈશું;
ના લીધી વાત મુકાયે...............શું મુચ્છ.

નાથો— છે ફોગટનો આ ઝગડો,
શું નિર્દોષી ને રગડો;
સ્વારથીઆ ફાવી જાયે....................જે નમે.

શામળ—ભલે હજારો માથાં કુટે,
જે ઝાલ્યું તે નહીં છુટે;
થતું આવ્યું છે તે થાયે..............શું મુચ્છ.

બાપ દિકરા વચ્ચે સારી રીતે વિવાદ ચાલ્યો પરંતુ આખરે નાથો પરાજીત થયો કેમકે—

દુહો.

શાણો સમજે સહજમાં, કરો હજારની એક;
મુરખ મન માને નહીં, મળે વિબુધ અનેક.

મોતીને બોલાવી ખબર આપવાની દરખાસ્ત પણ નામંજુર થઇ. મંજુર કરવાથી તેના ઘરે ભીગાડ કરવાના સર્વેનો મુદ્દો ઉડી જતો હતો.

અહીં આ ઘટના થતી હતી ત્યારે મોતીના ઘરે જ્ઞાતિભોજન તૈયાર કરવાની તડામાર ચાલતી હતી. કારજ અવસરના યજ્ઞના આરંભકાળે સઘળાનું મન સંપાદન કરવાની, યજ્ઞ કરનારા યજમાને દિક્ષા લેવી પડે છે. મોતી દિક્ષીત થઇ ચુકયો હતો. પાકની સામગ્રી તૈયાર કરનારા, તે બિચારાને જુદી જુદી આજ્ઞાઓ આપી ગુલામગીરીનું ભાન કરાવતા હતા તથાપિ મોતીને થોડીજ ખબર હતી કે તેના ઘરે રાંધ્યું રઝળનારૂં છે.

બીજે દિવસ સવારે જ્યારે રૂઢી અનુસાર ઘાંચજી નોતરાં આપતો આપતો પટેલના માઢમાં આવ્યો ત્યારે ત્યાંથી સૌએ જમવા આવવાની ના પાડી! ઘાંચજીએ મોતીને ખબર આપ્યા. મોતી ગભ-

રાણો. પોતાને ત્યાંથી નાત છુટશે તો ગજબ થશે એ ભયને માર્યો દોડાદોડ ખોડીદાસ પાસે આવી ખબર આપ્યા. ખોડીદાસ ધડકે તેવા નહોતા. તેણે મોતીના મનનું સમાધાન કરવા માંડયું.

રાગ દીંડી.

ગભરાયે શાને નોતરૂં તેં દીધું,
વળી આટો પાણી એકઠું તેં કીધું;
જમે તેને જમાડો ખુશીની સાથે,
નહીં આવે તેને શું બગાસે હાથે;
રહ્યા ઘેર એને ભલે જે ન આવે,
કાપે ઢાળ સુખે જ્યારે દાવ ફાવે;
ઘરે જઇને કામ કરને તું નીરાંતે,
નમ્યું દેવું નથી એમ કોડ વાતે.

મોતી—એ સઘળું તો ઠીક, પણ ખોડાભાઇ ! મારે ત્યાંથી છુટે તે સારૂ ન કહેવાય ? હું ગરીબ માણસે વાવરેલું ધૂળ મળી જશે, માટે આટલો અવસર સાચવી લ્યો પછી જેમ ધાર્યું હોય તેમ કરજો.

ખોડી—આમાં આપણા સાદવાળાનો વાંક નથી. તેમણે આટી નાખી પોતાને ત્યાં લગ્ન વધાવવા આ ઘાટ કર્યો છે, તે કેવી રીતે બને. ઢાળ પણ તેમણેજ કાપ્યો છે. એટલે આપણું કાંઇ ખોટું દેખાવાનું નથી માટે જો જમવા આવે તેને જમાડજો ન આવે તે તેના ઘરે રહ્યા.

મોતી—ઝાડુ સઘળો વાળી નાખ્યો છે અને બીજી રસોઈ પણ તૈયાર થવા આવી છે તેનું શું કરવું ?

ખોડી—એનો રસ્તો અગાઉથી મેં કાઢી રાખ્યો છે સાંભળ—

ગીતિ.

બાકી માસીઓ રહે છે, તે જમાડયા વિના નહિ ચાલે;
રાંધ્યુ તેમાં વરસે, ખવરાવી દે કુટુંબને કાલે.

જો હવે જંઝભારનોએ બગાડ થશે ? બારમુ અને માસીઓ બંને પતી ગયાં. દાળ ચોખા વધે તે ભગત ભીખારી અને વસવાયાંને આપી દેજે. ડોસાની પાછળ પુન્ય છે, તે બિચારા શું બાંધી ગયા છે !

ખોડીદાસે તો બારમા જોડે માસીઆનુ પણ બેસતું કરી હેતુ દુશ્મનની ગરજ સારી. બિચારા મોતીને બકરૂં કાઢતાં ઉંટ પેઠા જેવું થયું. તેણે હાથ જોડી ઘણી આજીજી કરી તે સર્વ વ્યર્થ ગઇ. મમતમાં ખોડાનો જોટો નહોતો. મોતી રોતી સુરતે ત્યાંથી ઉઠી શામળદાસ પાસે આવ્યો અને સૌને જમવા મોકલવા કરગરી આગ્રહ કર્યો, તેના જવાબમાં શામળીદાસે જણાવ્યું કે:—

શામ—અમારે તારા ઘર સાથે વાંધો નથી. ગયા વિવાહમાં અમારા આહે લગ્ન વધાવ્યાં હતાં એ તને કયાં ખબર નથી. છતાં અત્યારે આડા થઈ બેઠા છે અને ફાવે તેમ બોલે છે. જ્યારે તેમનેજ ટુંકું કરવું છે તો પછી અમે પણ ટુંકું વાળશું.

મોતી—તમે બંને મોટા થડાવાળા છો. તમારી પચાત પાર પાડવી એ મારૂં ગજુ નથી. હું તો તમારે ખોળે પાઘડી નાંખી હાથ

જોઉં છું. મારો આટલો અવસર સાચવી લ્યો અને મુડી મગ વાપરૂં છું તે સૌ જમી લ્યો.

ગઝલ.

જુલ્મ ગુજારો રંક પર શું દીલ ડરો નહિ,
દઇ રજા દુઃખ આ અતુલ ઉભું કરો નહિ;
ન્યાયાધીશ થઇ ન્યાતના ન્યાય આદરો નહિ,
પટલાઇના મોહે પાપનું ભાતુ ભરો નહિ;
મમતા પાર ઉતારવામાં ન્યાય ધરો નહિ,
દેશો શું જવાબ ઇશને વિચાર કરો નહિ;
ઘડી ધારા મદમાં તોડો અનુસરો નહિ,
આવા અધર્મોને આદરી અંતે તરો નહિ,

મોતી બંને માલાદિને આથી વિશેષ કહી શકે તેમ નોહોતું. ગરીબ સ્થીતીના લીધે તે બંનેનો ઓશિઆળો હતો. તેનું લક્ષબીંદુ છોકરાનો સંબંધ કરવા એ હતું પણ ખરેખર ગરીબનાં કિસમત ગરીબજ હોય છે. ગરીબાઇની પીડા, ત્રાસ, અને લાચારી તેના અનુભવીજ જાણે છે ગરીબો ગરીબાઇ ભોગવી પોતાનું પ્રારબ્ધ પકવે છે, ત્યારે તેને દુભવનારા પુર્વજન્મ માટે ગરીબાઇનું સંચીત કરે છે, પ્રભુ એવા અત્યાચારથી સૌને દુર રાખે, અસ્તુ.

બંને સ્થળેથી નાસીપાસ થયેલા મોતી ઘેર આવી મન વાળી કામે વળગ્યો. જે જમવા આવ્યા તેને જમાડયા અને ડોસાને આ રીતે ઉજાવ્યા.

મોતીના ગયા પછી શામળદાસે લગનીઆને બોલાવી આજ પોતાને લગ્ન વધાવવાનો ઇરાદો છે એમ કહ્યું. લગનીઆએ જવાબમાં જણાવ્યું કે "ખોડીદાસે પણ તેમજ કહેવરાવ્યું છે. અમારે તો બંને માઢવાળા સરખા છે, કહો તેમ કરીએ. વળી ગયા વિવાહમાં અમે લગ્ન લઇ નોહોતા આવ્યા એટલે આ બાબતની અમને માહેતી નથી."

ઉપરોક્ત વાતચીત સાંભળતાં નાથાને સ્વાભાવિક પ્રશ્ન ઉઠયો, તેણે લગનીઆને પુછ્યું.

નાથો—ત્યારે શું લગ્ન લઇને આવવાનો હક તમારો નથી?

લગનીઆ—ના. હકદાર બ્રાહ્મણ બીજા છે. અમને તો ઉચક રૂપીઆ ઠરાવી મોકલ્યા છે. ફેરે ફેરે એ પ્રમાણેજ થાય છે.

નાથો—બાપા સાંભળ્યું? આ આંધળે બેહેરૂં નથી કુટાતું તો બીજું શું થાય છે? "એ તો આપણામાં ચાલુ આવે છે" એમ કહી શામળદાશે હુક્કો પતાવ્યું. તેટલામાં તો દવે અને ગાંધી આવ્યા અને બોલ્યા કે લગ્ન ભેગાં વધાવાનું તો કોઇ રીતે બને તેવું નથી. અમે ઘણી મેહનત કરી. અમારા મનમાં ભય રહે છે કે જરૂર આજ લગ્ન વધાવવા જતાં બંને વચ્ચે લાકડીયું ઉડશે. માટે સમજો તો અમે વિચાર કરી એક રસ્તો કાઢયો છે.

શામળ—શું?

લાડકો—જુઓ એમ કરો. ચાર લગનીઆમાંથી બે જણ ઉગમણી ભાગોળે જાય, અને બે જણ આથમણી ભાગોળે જાય, ત્યાં બંને જણા જુદા જુદા લગ્ન વધાવો અને મોતીને ત્યાં ભેગા થઇને જમી લ્યો.

શામળ—હવે ભેગા બેસવાનું તો ભગવાનના ઘેર! બાકી લગ્ન વધાવવામાં તમને સૌને હૈયે બેસતું હોય તો એમ કરો. મારી કાંઇ ના નથી.

શામળદાસ મનમાં સઘળું સમજ્યા તેને આ વચલો રસ્તો ઠીક ભાસ્યો પરંતુ એક બીજાને નમાવવાની જે ધારણા બંને પક્ષે રાખી હતી તે બર ન આવી અને વચ્ચમાં બિચારા મોતીનો ઘાણ વાળ્યો.

દુહો.

જામે જંગ સમાનમાં વચ્ચે રાંક રિબાય,
પાડાની વઢવાડમાં, ઝાડ સમૂળું જાય.

આ કીસ્સામાં પણ એમજ ન્યાય થયો. બંને પક્ષવાળાએ જુદી જુદી ભાગોળે લગ્ન વધાવવાનું નક્કી કરી પોતપોતાના માઢમાં ખબર આપ્યા.

બપોર નમ્યા પછી બૈરાં સારાં સારાં લુગડાં અને યથાશક્તિ ઘરાણાં પહેરી સાથે ઘડો શ્રીફળ લઈ પોતપોતાના માઢના આગેવાનને ત્યાં એકઠાં થયાં. હવે પછીની ઘટના સમાન હતી.

એકઠાં થયેલાં બૈરાંને શામળદાસની વહુએ ગાણાં ગાવાની સૂચના આપતાં કયું ગાણું ઉપાડવું તેની ચર્ચા શરૂ થઇ. એક કહે ઉપાડો "શુકન જોઇને સાંચર જા રે" એટલે બીજી બોલી મરો મુઆં! અત્યારે એ ગાણું ન હોય એ તો વરઘોડીઆને પુંખે ત્યારે ગવાય. અત્યારે તો "થાળ ભર્યો સગ મોતીએ." એ ગાણું ગવાય. ત્રીજી કહે એ તો ચાક વધાવવા જઇએ તે વખતે ગવાય. અત્યારે તો "પહેલો વધાવો મારે આવીઓ" એ ગાણું ગાવ. આમ વિવાદ ચાલ્યો

અને મતભેદ પડ્યો. કયું ગાણું ગાવું તે નક્કી ન થયું. આ કાંઈ આશ્ચર્યજનક નહોતું, કેમકે બૈરાંને બાર વરસે લગ્નના મુબારક દિન આવતા હતા, અને વળી દુર્લભ સાંભરે હતા; કેમકે દીકરીઓને લગ્નનો લાભ ક્યાંથી હોય?

શામળદાસની વહુએ મુળશંકરની દિકરી ગોમતીને કહ્યું કે ગોમતીબા અમારે તો બાર વરસે લગ્ન આવે તેથી ગાણાં ભુલી જઈએ પણ તમે શું બાવાનાં મો સામું જોઈ ઉભાં છો, અને હસો છો? માટે ભાયડા તડામાર કરે છે. એટલામાં તો મુળશંકર દવેએ હાકલ કરી એટલે સઘળાંએ સ્વસ્થ થઈ ચાલવા માંડ્યું. ઢોલ અને ભેળના કોમળ સ્વર વચ્ચે ગોમતીએ ગાણું ઉપાડ્યું.

આજે વરધે વિવા મારે આવીઆ,
હું તો જોઉં ગડબડની વાટ, લગન આવ્યાં ઢુકડાં.
દાદા ઘીના ગુણીયા મંગાવજો.
દાદા મહીયરથી વહુઓ તેડાવજો. લગન૦
વહુઓ ખાશે ખાંડ ખાશે ટોપરાં,
પેલી વેવણને માળવીઓ ગોળ. લગન૦

ગાતું ગાતું સઘળું મંડળ ભાગોળે આવ્યું. લગનીઆ ને પહેલાં ભાગોળે આવી ચૂકયા હતા, અને રૂઢી પ્રમાણે બાજઠ ઉપર ચઢી ઉભા હતા. ગોવીંદ અને ચંદ્રાએ લગનીઆને બાજઠ ઉપરથી હેઠા ઉતાર્યા એટલે પ્રથમ શામળદાસની વહુએ અને પછી બીજાં બૈરાંએ લગ્નના પડાને કંકુના છાંટા નાંખી વધાવ્યો, અને શ્રીફળ તથા ચણાનો ગંજ કર્યો. મુળશંકર દવેના હાથ માંડેની થાળી પણ દક્ષણાથી ઉભ-

રાઈ જતી હતી. લગ્ન વધાવવાની ક્રીયા પુર્ણ થતાં લગનીઆને ચૌરે પહોંચાડી સત્રણુ મંડગ લગ્ન પડો લઈ શામળદાસને ઘરે આવ્યું. શામળદાસે ખોડીદાસ કરતાં સવાયો ગોળ વહેંચી મુંછનું પાણી રાખ્યું.

તે દિવસે રાત્રીએ ઘરે ઘરે શુકનનો કંસાર રંધાણો અને સાથે સાથે બંને મહાર્થિઓ વચ્ચે રણુસ્થંભ રોપાણો. એક બીજાને નમાવવાના તથા હીનપદ લગાડવાના પ્રસંગની શોધ થવા માંડી. પ્રભુ આવા વિખવાદથી સહુનું રક્ષણ કરો ! અસ્તુ.

જેમ જેમ સમય વ્યતીત થતો હતો તેમ તેમ શામળદાસને ચિન્તા વધતી જતી હતી. વેરની ઝાળમાં તે રાત્રી દિવસ બળતા હતા. રાત્રીએ પુરી નિંદ્રા પણ લેતા નહોતા અને વેર વાળવાના ઘાટ ઘડતા હતા.

એક દિવસ શામળદાસ, ગોવીંદ, અને ચેલો બપોરે જમ્યા પછી બેઠા બેઠા હોકો પીતા હતા અને વિવાહના ચાલતા પ્રસંગની વાતો કરતા હતા તેમાં શામળદાસે પોતાની અંતર રચના પ્રગટ કરી—

ગાયન.

ચેન ના પડે ચિન્તા થાય ભારી રે.... ચેન.
વેરની લાય, ના સમાય, ઝાળ થાય,
કર ઉપાય, શાન્તી થાય, સારી રે... ચેન.
સુખે શું સુવે, વિષનું બીજ વાવી રે,
મારી સાથ, ભીડી બાથ, એ અનાથ,
મુછે હાથ, નાંખે ઘાવ કારી રે.... ચેન.

ગળે ગુમાન તો જાનુ રહે જુતી રે,
કરવી પેર રહે ઘેર વળે વેર;
કરે ન ફેર કહીએ છેડ મારી રે .... ચેન.

ગોવીંદ ! જીવને નીરાંત વળતી નથી, ગામમાં તો શું પણ આખી એતાળીમાં મારી હાની કોઇ ના પાડી શકે નહીં ! છતાં ખોડાનું શું ગજું કે મારા સામો થાય ?

ગોવીંદ—એમાં શું છે ? કમળાપરના કહળદાસના બે રૂપીઆ મોરાર અને ગલાબાના ઘરમાં અપાવ્યા છે તે ઉપડાવી લઇએ અને આ ચેલાના છોકરા ખાલી પડયા છે તેના તેરે અપાવીએ એટલે પછી ભગવાનના ઘરે પણ બેશું નહીં થાય ?

શામળદાસને ગોવીંદની યુક્તિ બરાબર રૂચી ગઇ. કહળદાસ ગોવીંદનો સાળો થતો હતો એટલે આ પ્રયોગ કાંઇ મુશ્કેલીભર્યો નહોતો. વળી આ પ્રયોગ કર્યા સિવાય ચેલાનું ઘર ગરીબ હોવાથી તેના દિકરાઓનો સંબંધ થાય તેમ નહોતું.

ગોવીંદ બીજે દિવસે કમળાપુર ગયો અને મોટા માહના રૂપીઆ ફેરવવા માટે, કહળદાસને આકુઅવળુ સમજાવવા માંડયું. પ્રથમ તો કહળદાસે તેમ કરવા ના પાડતાં ગોવીંદે કહ્યું કે—

ગીતી.

ચાલ પડયો જ્ઞાતિમાં, જોડી સબંધો અને વળી છોડે,
વાળે પાદરથી પાછા, ન પાલવે તો જાય હુતે મોઢે.

ગોવીંદે કહળદાસને ખુબ સમજાવ્યાથી અંતે શરમાઈ દબાઈ તથા ભરમાઈને તે કબુલ થયા. ગોવીંદે ઘેર આવી શામળદાસને વધામણી આપી.

આ પ્રમાણે ચેલાના દીકરાઓનો સંબંધ જોડાયો ખરો પરંતુ વર કન્યાની ઉમર વિષે કે અન્ય બીજી કોઈ બાબત એમાંથી એક પક્ષે તપાસ ન કર્યો વાતની વાતમાં સગપણ જોડયું, અને તોડયું. હરી ! હરી ! જીંદગીનો સંબંધ જોડવા જેવી બાબત શાક ભાજીની ખરીદીના જેટલી પણ મહત્વની ગણાય નહીં ! આ કેવી રૂઢી ! કેવો ચાલ, કેવી પ્રનાલિકા ! ! વળી વગર વિચારે સંબંધ જોડવા તોડવામાં કેવું કષ્ટ ઉત્પન્ન થાય તેનો પ્રથમ ખ્યાલ પણ ન આવે અને પછી પાદરથી જાનો પાછી વાળવામાં આવે કે જે સમયે મનુષ્યને મૃત્યુ વધુ પ્રિય જણાય ! ! છતાં તેનું કાંઇ પણ બંધારણ નહીં, વિચાર નહીં, કે લજ્જા નહીં, ખરેખર ધાબડાપીટાના લગ્નની પ્રનાલિકામાં બીજું શું પરિણામ હોય !

બે ત્રણ દિવસે કહળદાસે ખોડીદાસને કહેવરાવ્યું કે " અમારે સંબંધ રાખવો નથી માટે રૂપીઆ પાછા મોકલજો. " આ ખબર મળતાં ખોડીદાસને મહા પરિતાપ થયો, તેમનું કાળજું કપાઈ ગયું. હૃદય સળગવા લાગ્યું. વિવાહની ટુંકી વય્ધુ હોવાને લીધે છોકરા કુંવારા રહેવાનો ભય ઉત્પન્ન થયો. ગુલાબ તથા મોરારને બોલાવી કહળદાસ તરફથી આવેલા ખબર કહી સંભળાવ્યા. તેઓને પણ અતુલ્ય કષ્ટ થયું. મોરાર ગભરાટમાં બોલ્યો—

મોરાર—બળ્યો આ વિવાહ ! બાર વરસે આવે તો પણ હૈયા હોળા. આ તે વિવાહ કે વરઝોળો ?

ગુલાબ—વરઓળો. સૌ કકળાટ શા સારૂ કરો છો, કન્યાઓ મળશે તો પરણશે, નહીં તો ભલેને કુંવારાજ રહ્યા.

ખોડી—કુંવારા રહે તો મરવુંજ પડે તો ! બોલતાં શરમાતો નથી ? બે વરસે નાની મોટી કન્યા ગોતી કાઢશું. સો બસો ખર્ચ થશે તો કરશું પણ શું છોકરા કુંવારા મુકશું ?

હજુ વાતચીત આગળ વધત પણ તેટલામાં તો ધાંયજાએ આવી ચેલાને ત્યાં કસુંબો પીવા આવવાનું નોતરૂં આપ્યું. ખોડીદાસે ધાંયજાને કસુંબાનું કારણ પુછતાં જવાબમાં ચેલાના દીકરાઓના ચાંડલા થવાના છે એમ જણાવી બળતામાં ઘી હોમી પ્રલય સમાન જ્વાળા પ્રગટાવી ધાંયજો ચાલતો થયો. હવે ખોડીદાસને સિદ્ધ થયું કે—

દુહો.

નથી કામ આ અવરનું, સમજાઇ સૌ પેર;
નામ નીજ ખોડો ખરૂં, જયારે વાળીશ વેર.

ખોડીદાસે મોરારને ઘોડો સામાન માંડી સેલોત સાથે પાદરમાં લઇ જવાનું કહ્યું. પોતે ભેટ બાંધી પાદરમાં આવી ઘોડેસ્વાર થઇ સેલોત સાથે સ્ટેશનનો રસ્તો લીધો. સ્ટેશન બહુ દુર નહતું. સ્ટેશન પહોંચતાં સેલોત સાથે ઘોડો પાછો મોકલી પોતે રેલ મારફત ચોવટપુર શામળદાસના વેવાઇ ગડબડલાલ સીતાફળના ઘરે આવ્યા.

ગડબડલાલ સીતાફળ પોતાના બારણામાં ઉભા ઉભા ભાગલપુરના મેમાનની રાહ જોતા હતા કેમકે શામળદાસે સબંધ કરતી વખત ચાંડલો ભરવાનો જે વાયદો કર્યો હતો તે વીતી ગયો હતો. તેઓ બે ચાર દિવસથી આ પ્રમાણે ગાડી આવવાના સમયે હમેશાં

આશાભર્યા બારણામાં ઉભા રહેતા હતા, અને કોઇ ન આવતું ત્યારે નીરાશ થતા હતા. અધુરામાં પુરૂં એ હતું કે શામળદાસ તરફથી કાંઇ કાગળ પણ આવતો નહોતો. પોતે કાગળ લખે તો કુલીનતાને એબ લાગતી હતી. હવે તેમની દાનત બદલાણી હતી કોઇક ગ્રાહક મળવાનીજ રાહ જોતાં હતા. તેમાં ભાવીએ ખોડીદાસનો સંજોગ મેળવી આપ્યો. બંને જણે સામસામા રામરામ કર્યા અને પછી મેડી ઉપર આવીને બેઠા. ગડબડલાલે વાતની શરૂઆત કરી.

ગડબડ—શું શહેરમાં હટાણું કરવા આવ્યા છો ?

ખોડી—હા કાંઇક હટાણું કરવું છે, અને બીજું પણ કામ છે.

ગડબડ—શું ?

ખોડી—અમારી દિકરીનો રૂપીઓ આપવો છે.

ગડબડ—કોને ત્યાં ?

ખોડી—તમારે ત્યાં.

ગડબડ—અમે તો તમારા ગામના મુખી શામળદાસની દિકરીનો રૂપિઓ લીધો છે એ તમને ક્યાં ખબર નથી !

ખોડી—હા મને ખબર છે, પણ અમારે તમારા ઘરમાં રૂપીઓ આપવો છે. તમે કહો તે સાંભળીએ, એમનો રૂપિઓ પાછો આપો.

ગડબડ—પટલ ? તમે મુખીની હારમાં નહીં ઉભા રહી શકો ! અમારૂં ઘર જોવું એ તમારૂં ગજુ નથી.

ખોડી—એમણે શું ઠરાવ કર્યો છે તે તો કહો.

ગડબડ—સાંભળો—

રાગ–ઠીંડી.

રેલ ભાડા સાથે ચારસો ઠર્યા છે,
પૂર્ત બેવડીથી ચાંડલા કર્યા છે.
રાહ રીત આપે કહીએ અમે એવી,
ગામ ઝાંપાની ન પાઇ એક દેવી.
ગોર ઘાંચજાની શીખ નથી માથે,
નથી લઈ જવાનું ભાતું શેર સાથે.
ચોખો ચાંડલો અમારે ગણી લેવો,
જાન જુતે ત્યાંથી ખર્ચ એણે દેવો.

ગડબડલાલની હકીકત સાંભળી ખોડીદાસ બોલ્યા કે—

દુહો.

પુરાં પાંચસો આપશું, વળી સવાઈ રીત;
પાછો એથી ના રહું, રાખો ચિત ખચીત.

લ્યો આ રૂપિઓ, વધાવી લ્યો, ચાલો ચાંડલાની કબુલ કરાવી દઉં. મારે આજેજ ગાડીમાં જવું છે. મને શામળદાસની પેઠે લોચા પડતી વાત કરતાં આવડતી નથી.

શામળદાસની બાબતમાં ખોડીદાસે ઇર્ષ્યાથી કરેલો ઇસારો ગડબડલાલને સત્ય ભાસ્યો. તેમણે આ અણધાર્યો દુધમાં સાકર ભળ્યા જેવો પ્રસંગ સાધી લેવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ પોતાનું ગૌરવ સાચવવા થોડો સમય આગ્રહ કરાવી અંતે ખોડીદાસ પાસેથી ચાંડલાની કબુલ લઇ સગપણનો રૂપિયો વધાવી લીધો.

ખોડીદાસ તેજ દિવસ વિખવાદપુર ગયા. વિખવાદપુર તેમનું સાસરૂં હતું ખોડીદાસના સાંળાને બે પિત્રાઇ સાળા હતા. તેમાં નાનાને બે દિકરીઓ હતી અને મોટાને એક દિકરો હતો. નબળી સ્થીતીને લઇ કન્યાવિક્રય કરતાં તેઓ છોરાઈ ગયા હતા. તેમાં દૈવ યોગે મોટો ઘરભંગ થયો હતો, એટલે તેના છોકરાનો સબંધ થતો નહો-તો. બંને ભાઇની ઇચ્છા એક કન્યા લઇ પેટામાં બે કન્યાઓ આપી સંબંધ કરવાની હતી પણ ઉપરોક્ત કારણે સગપણનો રૂપીઓ આ-પવા કોઇ લાંબો હાથ કરતું નહોતું.

હજુ સુધી આ બે કન્યાઓના સબંધ થયા નથી એ વાત ખોડીદાસના ખ્યાલમાં હોવાથી તે કન્યાઓના રૂપીઆ લેવાની લાલચે તેઓ અહીં આવ્યા હતા. ગુલાબ અને મોરારના છોકરાના રૂપીઆ પાછા ફર્યાની હકીકત તેમણે પોતાના સાળાને કહી. આ બે કન્યા-ઓનો સબંધ કરાવી આપવાની તેની પાસે માગણી કરી, પણ સાળાએ બંને વાતે ચોખ્ખું કહી દીધું કે તેઓને પેટામાં એક કન્યા આપ્યા સિવાય તેમની બે કન્યાઓ મળે તેમ નથી. ખોડીદાસે પેટામાં કન્યા આપ્યા સિવાય સબંધ મેળવી આપવા માટે ઘણાં ફાંફાં માર્યા પણ વ્યર્થ ગયાં.

ખોડીદાસ અને શામળદાસ ગોળમાં હતા પરંતુ ગોળ બહાર કન્યાઓ આપવાનો તેમને પ્રતિબંધ નહોતો. એટલે ખોડીદાસનો ઇરાદો પોતાની બંને કન્યાઓ શહેરમાં આપવાનો હતો તેથી તેમને આવા ભયંકર લજ્જાયુક્ત સબંધ કરવાનું સાંભળી ઘણોજ ખેદ ઉત્પન્ન થયો પણ અન્ય ઉપાય નહોતો. વળી દિકરીને આવે ઠેકાણે આપવી અને છોકરાઓને વિવાહમાં કુંવારા રાખવા, એ બંને વાત તેમના મનથી હીણુપદ લગાડનારી હતી. તદપિ છોકરાઓને કુંવારા

મુકવા એ શામળદાસ સાથે થયેલા વિખવાદને લીધે વિશેષ લજ્જાયુક્ત અને માનભ્રષ્ટ જણાતાં લાચારી સાથે ખીન્નવદને તે વાત કબુલ કરી. વાહ! વાહ! મારી રૂઢી દેવી! તારી ઘટનાઓ વિધિની ઘટનાઓથી ઓછી અદ્ભુત નથી!!

દિવસ ઉપર દિવસ જતાં મંડપ આરોપણનો મુકરર થયેલ મુહૂર્તનો દિવસ આવ્યો. લાખ્ખો ઘરે એક સામટા મંડપ રોપાણા. ગામડામાં તો ઠીક પણ શહેરોમાં તો મંડપ ઉપર નાંખવાના કડબના પુળાનો ભાવ પણ દોઢો થઇ ગયો. ત્યારે ગોળ, ખાંડ, ખારેકું અને પતાસાં વગેરેના ભાવ ચઢી જાય તેમાં શું આશ્ચર્ય?

શામળદાસના ઘરે પણ મહાલીમાનો માંડવો નંખાણો. હર્ષઘેલા કુટુંબનાં બૈરાં પટલને ત્યાં માંડવે ગાણાં ગાવા આવ્યાં, સાથે ગામની અન્ય જ્ઞાતિઓની સ્ત્રીઓ પણ આ અવસરનો લાભ લેવા ચુકી નહોતી. કારણ લાડકા ગાંધીને ત્યાંથી ખારેકુનું બેડીયું ભરીને પટેલને ત્યાં લઇ જવામાં આવ્યું હતું, એ સહુને ખબર હતી.

જ્યારે પટેલને ત્યાં મંડપ મુહૂર્ત સાચવવાની ઘટના થતી હતી, ત્યારે તેમની પરણનારી કન્યા મહાલી માઢમાં છોકરાં ભેગી રમતી હતી. તે ચેલદાસની ચતુર વહુને યાદ આવતાં તેણે શામળદાસની વહુને કહ્યું "મહાલી માઢમાં રમે છે તેને બોલાવી લુગડાં તો પહેરાવો" જવાબમાં પટેલની વહુ બોલ્યાં કે "હું તો સળંગ કોહાની છું. વહુ તેં એ ઠીક સંભાર્યું". પરણનારને વિસરી જવાય એ પણ એક રૂઢીની વિચિત્રતા છે! આવા રમતા કે રોતા બાળક વરઘોડીઆના વિવાહના લ્હાવાના મધુર સ્વાદની બિનઅનુભવવાળી અન્યજ્ઞાતિઓ ઉપહાસ

કરેલી હોય તો ભલે કરે, આપણામાં તો એ "થતું આવ્યાનો" સિદ્ધાંત સિદ્ધ થાય એટલે બસ થયું.

મહાલીને માઢમાંથી લાવી ખારેકનો ખોળો ભરાવી ફેસલાની લુગડાં પહેરાવી બૈરાંના ટોળામાં ઉભી કરી એટલે બૈરાંએ ગાણું ઉપાડયું.

માંડવડા હેઠ ઢાળો રે બાજઠીઓ
કે જમણી મુકો રે કંકાવટી.
તેડાવો રે મારે જોષીડાનો બેટો
કે આજ મારે લખવી રે કંકુતરી.
બંધાવોરે મારે નાથાભાઇને છેડે
કે જાય મારે માલીબાને સાસરે.
બેની રે તમે સુતાં છો કે જાગો
કે આંગણે આવ્યો વીર ના ઓળખ્યો.
વીરા રે તમે રહો તો રાંધુ લાપશી
વીરા રે તમે ચાલો તો કઢીયલ દુધ કે. આગ૦

આ પ્રમાણે જ્યારે એક બાજુ બૈરાઓના ગીતનો નાદ દિશાઓને ગજાવતો હતો ત્યારે બીજી બાજુ માઢ મોદમાં એકઠા થયેલા આદમીઓની વાતોના તડાકા આસમાનને ભેદતા હતા, અને ભાટ ભવાયા મીર ઢાઢી વગેરે માગણો શામળદાસનાં અસત્ય મિથ્યા વખાણ કરી આસમાનને પેલે પાર લઈ જતા હતા. આજે અફીણની ડાબડી

તમાકુની કોથળીઓ તથા ખારેકુના કોથળાઓનાં મોં સદંતર ખુલ્લાં મુકી દેવામાં આવ્યાં હતાં.

મંડપ આરોપણ વિધિ થઈ રહેતાં માણસો ખારેકોના ખોળા ભરી શામળદાસ સાંભળે તેવી રીતે તેમનાં વખાણ કરતાં કરતાં વિદાય થયાં. હવે માત્ર શામળદાસ, નાથો અને ગોવીંદ એ ત્રણજ બેઠા હતા, અને સ્વાભાવિક વાતો કરતા હતા એટલામાં ટપાલવાળાએ આવી શામળદાસને બીડેલા કાગળનું કવર આપ્યું અને તે પણ ખારેકુનો ખોળો ભરી ચાલતો થયો. શામળદાસે ધાર્યું કે વેવાઇની કંકોતરી આવી.

દુહો.

પત્ર પુત્રને આપીઓ, આણી ઉર ઉમંગ;
વેવાઇ મુખ વાંચતાં, થયો રંગમાં ભંગ.

જેમ જેમ નાથો કાગળ વાંચતો ગયો તેમ તેમ તેના મોઢાનો રંગ બદલાતો ચાલ્યો ને જોઇ શામળદાસે પુછ્યું–

શામળ—કોનો કાગળ છે ?

નાથો—તમારા કુળવાન વેવાઇનો.

શામળ—શું લખ્યું છે ? વાંચ તો ખરો !

નાથો—મેં અગાઉથી ભવિષ્ય ભાખ્યું હતું તેજ લખ્યું છે. સાંભળો–

ગાયન.

બીજું લખવાનું છે જે, તે લખીએ તમને રે;
જો નોહતી તેવડ તો, શું જોયા અમને રે.
ચાંડલાનો કરેલો ઠરાવ, તમે નહીં આપ્યો રે;
તેથી થયો જે સંબંધ, તે અમે કાપ્યો રે.

શામળ—હેં હેં આ શું ? આગળ વાંચ જોઉં ?

નાથો—નહીં આવીએ લેઇ જાન, જણાવી દઇએ રે;
નથી બોલે તમારે બંધ, સાચુ કહીએ રે;
નથી લેશ અમારો વાંક, ધોખો ના ધરશો રે;
હવે શોધી સારૂં ઘર, વેવીશાળ કરશો રે.

નાથાએ કાગળ જમીન ઉપર પછાડયો, શામળદાસ સ્તબ્ધ થઇ ગયા. આંખમાં આંસુનું પાણી ઝળકવા લાગ્યું, મોં ફીકું પડી ગયું, ઉત્સાહ માત્ર નષ્ટ થઇ ગયો. એક પળ પહેલાં જ્યાં આનંદની છોળુ રેલાતી હતી ત્યાં ચીંતા-કલેશની વિષમ જ્વાળાઓ ફેલાતી જણાઇ. હવે શું થશે ? ગડબડલાલ કેમ ફરી ગયો ? ટુંકી વરધોમાં બીજો સંબંધ ક્યાં શોધવો. આબરૂ ધુળ ધાણી થશે. ઇત્યાદિ વિચારો ઉત્પન્ન થયા. નાથો સમજુ તથા હીંમતવાળો હતો તેણે ગોવીંદને કહ્યું "જાન લઇને નહીં આવે તો શું થઇ જશે. ફુલનો દડો કરશું. એ તો આપણામાં થતું આવ્યું છે." ગોવીંદ નાથાને જવાબ દેવા જતો હતો ત્યાં તો શામળદાસ આંખના મોટા ડોળા કાઢી ખુંખારો ખાઇ નાથાને ધમકાવા લાગ્યા—

રાગ—ક્ષત્રિકલંક.

નહીં નહીં રહે કુંવારી એ બાળ,
નિશ્ચય મારો નહીં ફરેરે.
તારાં વચનો સુણીને થાયે ઝાળ, નિ.
રહે કુંવારી કન્યા તો લાજે કૂળ, નિ.
મળે વડીલોની આબરૂ ધુળ; નિ.

કરે હાંસી લોકોએ શું જોયું જાય, નિ.
માનભ્રષ્ટ થઈ ના નહીં જીવાય. નિ.
ધીક ધીક જીવી ગુમાવવું નુર, નિ.
થતું આવ્યું એ હું કરીશ જરૂર; નિ.
શોધી લાવું સત્ય જાન કુળવાન, નિ.
શાન્તિ વળે જ્યારે આપું કન્યાદાન. નિ.

મારી મહાલીનો ફૂલનો દંડો? છોડી કુંવારી રહે? જગત્માં નાક કપાવવું છે? નાતમાં મુરતીઆનો ક્યાં કાળ પડયો છે? પાંચસો-ના હજાર લેશે પણ ન થવાનું થશે?

નાથા—પાંચસો હજારનું તો સમજ્યા પણ—

રાગ—પીલુ.

કર જોડી કહું માનો મારૂં.
સાહસમાં ફળ હોય ન સારૂં.......કર.
લોક લાજમાં ભાન ભુલાયે,
બાળ ઝીકાયે ઝાળમાં પ્યારૂં........કર.
મિથ્યા માનમાં પોષી પ્રજાળો,
પાપ અવરના એથી નઠારૂં........કર.
દેવી દિકરી ઘરવર જોઇ,
નહીંતો જીવિત થાય અકારૂં........કર.

બાપા ! ઉતાવળમાં ખાડો પુરાશે તો દુઃખનો પાર નહીં રહે : સારૂ થયું કે આટલેથી પત્યુ બાગ સગો તો બરાબર શોધ્યો હતો. હું તો એવું ભણ્યો છું કે ભુલ્યા ત્યાંથી ફરી ગણવું.

શામજી– તારૂં ભણતર તારી પાસે રહેવા દે. મારા કામમાં તારે ડાહ્યું ન થવું. નહીં તો મારા જેવા કોઈ ભુંડો નથી.

નાથો વધુ બોલતો બંધ થયો. શામળદાસ તેજ પળે સબંધની સોધખોળ કરવા માટે ચોવટપુર જવા નીકળ્યા. નાથાએ પોતાને કે ગોવિંદને સાથે લેવાની માગણી કરી તેની પણ તેમણે ના પાડી.

નાથાને ખાતરી હતી કે આ જરૂર કહીં ખાંડો પુરશે.

સામળદાસે ચોવટપુરમાં આવી સગાસંબંધી મારફત મુરતીયાની તજવીજ કરાવી તો માત્ર એકજ મુરતીયો સકરાશા ગુમાનગરાનો દિકરો ભોડાલાલ હતો. સકરાશાનું ઘર કુલીનતાની પદવીમાં શ્રેષ્ઠ હતું. ભોડાલાલનો સંબંધ કર્યો હતો પણ સંબંધ કરેલી કન્યા સાજી માંદી રહેતી હોવાથી બીજો સંબંધ મળે તો કરી લેવા તેમના વેવાઈ તરફથી કાગળ આવી ગયો હતો પણ હજુ સુધી જોઈએ તેવો આહક તેમને મળતો નહોતો. સકરાલાલની રિદ્ધી સિદ્ધી અને ઘર સંસાર એવો હતો કે—

તનમન પુરા શ્યામ વર્ણે, લાંબુ મુખ હતું નમણું;
ખામી નહોતી અવર કાંઇ, પણ ચક્ષુ નહોતું જમણું.

સ્વભાવ સારા સર્પ સમોવડ, જોડ જડે ના શોધ કરે;
ખરા સ્વરૂપે જો ગરજે તો, તજી માન વનરાજ ડરે.

વામાચારના સ્યામ હતા, પણ એક ભુવન સ્નેહે સ્થાપી;
એકે વાસ કર્યો મહીયરમાં, એક તજી ખત લખી આપી.
ચોથી ચતુરા ન્યાયને અર્થે, જઈ બેઠી પ્રભુને દ્વારે;
તદપી તૃષ્ણા નહોતી ત્યાગી, કન્યા કોઇ દેવા ધારે.
રીસ હતી લક્ષ્મીની સાથે, વિદ્યાથી વૈરાગ ધર્યો;
રિદ્ધીમાં સંઘાડો રાખી. યત્નવડે ખુબ હાથ કર્યો.
લાગ પડે ચુકે નહિ સટ્ટો, બટ્ટાના ભયને વામી,
ધન્ય ધન્ય નીજ જન્મમાનતા કુલીનની ઉપમા પામી.

સકરાસા સુડધરના ઉપનામથી ઓળખાતા હતા તેમના હિસાબે પુત્રના ચાંદલાનો ક્યાસ સાતસો રૂપીઆનો હતો પણ તે આપનાર હજુ કોઇ મળ્યું નહોતું. બજારનો ખુબ રંગ જોયા પછી તેમણે પોતાની રૂખ બદલી હતી, કેમકે વાયદાના ભાવ ખંડાવાને હવે લાંબા દીવસનો વિલંબ નહોતો, જેથી કાંઇક મળી જાય તો સબંધ કરી લેવાની તેમને ઇચ્છા થઇ હતી. આ બાજુ શામળદાસ પણ ગરજાળુ ગ્રાહક હતા. માત્ર લાકડે માંકડું વળગાડી હાથો ઠોકનાર દલાલનીજ ખામી હતી! તે દૈવે મહાલીના કીસમતે, અને શામળદાસ તથા નાથાને સંસાર વહેવારનો અને રૂઢીનો લહાવો લેવરાવવા માટે પુરી પાડી. શામળદાસની વિધવા બહેન ભાંગફોડબા આ સબંધ સોધી લાવ્યાં હતાં. ભાંગફોડના નામ પ્રમાણેજ ગુણવાળાં હતાં. વૃદ્ધ ઉંમર થવા છતાં લગનના આવા ઉથલધડા કરવામાં પગવાળીને બેસતાં નહોતાં અનુભવે તેમને આ કાર્યક્રમમાં કુશળતા અર્પી હતી.

ભાગફોડબાએ ભોડાલાલ જ્હેરે રૂપીઓ આપવાની શામળદાસને સલાહ આપી. ભોડાલાલની ઉંમર જ્યારે ત્રણ વરસની હતી ત્યારે મહાલીને છઠ્ઠું વરસ ચાલતું હતું. આ ત્રણ વરસનો ઉંમરનો તફાવત ભોડાલાલ કાલ આવી મળતાં નીકળી જશે એમ દલીલ રજુ કરી ટેકામાં આસપાસની પોળુના બે ચાર દાખલા આપી સામળદાસને સબંધ કરવા લલચાવ્યા. ભાઇએ માન્યુ કે બેન ભુલમાં આવે તેમ નથી પણ બાને અને બુદ્ધિને બે ભવનું છેટું છે, એમ ભાઇની ગીરવી અકલને ખબર નહોતી. સકરાશા સાથે વાતચીત ચાલતાં છેવટે જાનનો સઘળો ખરચ અને ચાંદલાના ચોખા પાંચસો રૂપીઆ આપવા ઠરાવી માસીબાનો રૂપીઓ શકરાસાને ઘેર આપવામાં આવ્યો.

શામળદાસ ભાગફોડબાની સુચના મુજબ શહેરમાંથી જોઇતી વસ્તુ ખરીદ કરી બેનને સાથે લઇ ભાગલપુર આવ્યા.

નાથાએ પિતા પાસેથી સર્વ હકીકત જાણી લીધી. ત્રણ વર્ષે મુરતીઓ નાનો છે એ વાતથી તેને બહુજ ખેદ થયો; તેના દુરંદેશી વિચારે મહાલીના ભવિષ્યના સંકટનું ભુત ખડું કર્યું, તેને લગ્નની આ રૂઢી ઉપર ભારે તિરષ્કાર છુટયો. પિતાની અજ્ઞાનતાની અવધી દેખાણી પણ હવે એ સઘળો પસ્તાવો નિરર્થક હતો એમ સમજી પોતાનું મન વાળ્યું.

મહાલીનો સબંધ સંધાતાં શામળદાસ પાછા પુરા ઉત્સાહમાં આવી ગયા હતા. તેમણે ભાગફોડબાને ઘરનું અખ્ત્યારપણું અર્પીત કર્યું હતું. ભાગફોડબાએ બૈરાંઓ પાસે જાન માટે બેચાર મણ વડી, પાપડ, અને સેવું તૈયાર કરાવી નાંખી. તેમ બીજું પણ વિવાહ સબંધીનું કાર્ય આટોપાવ્યું હતું.

સમય સમયનું કામ કરે જાય છે. લગનનો દિવસ આવી પહો-ચ્યો આજે જાણે ગામે ગામનાં માણસો કૃતાર્થ થતાં હોય તેમ ભાસતું હતું. જાનોનાં વેલડાં, માફા, અને ગાડાં, માર્ગમાં એક બીજાને સામાં મળતાં હતાં. પ્રત્યેક રેલ્વે સ્ટેશન અને ગાડીઓ માણસોથી ભરપુર દેખાતી હતી અને તેના લીધે રેલમાં ચઢતાં ઉતરતાં દરેક ઉતારૂને રહી જવાનો ભય હતો. ગામે ગામના પાદરોમાં જા-નોની ઠઠ જામેલી દીસતી હતી તેજ પ્રમાણે ભાગલપરની બંને ભા-ગોળો જાનોથી ઉભરાઈ જતી હતી. કોને ત્યાં કઈ જાન આવી છે, તે રાત્રી અને ધુળની ડમરીના લીધે શોધવાનું કામ ભારે મુસ્કેલી-વાળું થઇ પડયું હતું અને તેથી શામૈયું લઇ આવનાર અહીંથી તહીં ભૂલમાં ભટકતા હતા. કેટલાક સામૈયાવાળાના રામણદિવા પવ-નથી ઓલવાઇ જતા હતા, અને કેટલાક સામૈયાવાળા ધક્કા ધક્કીમાં પોતાના ટોળામાંથી વિખુટા પડી જતા હતા. વળી વરરાજાઓના રૂદ-નના નાદો એક સામટા વાગતા ઢોલ, ત્રાંસા, ભુગળો અને ભેળના ગંજાવર નાદમાં ભળી જઇ કાને પડેલા શબ્દો સમજવા દેતા નહોતા. કવચિત કોઈ જાનના બદલે કોઈ જાનનું સામૈયું થઇ જતા સામૈયા નો વિધિ બેવડાઇ જતો હતો. આ આશ્ચર્યજનક અને ઉપહાસ યુક્ત ઘટના જોઇ અન્ય જ્ઞાતિના જોવા આવેલા સ્ત્રી પુરૂષો હસતા હતા તથા ઇચ્છામાં આવે તેવા હાંસી મશ્કરીના ઉદ્‌ગારો કાઢતા હતા.

શામળદાસ પણ સૌની સાથે સકરાશા વેવઇનું સામૈયું કરવા આવ્યા હતા; એક બીજા વેવાઇએ તથા ઉભય પક્ષના સગા સંબંધી-ઓએ સામસામા રામ રામ કર્યા. નાથાએ જાનનો રંગ જોયો અને ધ્રાસ્કો મુકયો.

સામૈયાનો વિધિ થઇ રહેતાં કઇ જાને ગામમાં પ્રથમ પ્રવેશ કરવો એ પ્રશ્ન ઉપસ્થિત થયો. આ પ્રશ્ન શામળદાસ અને ખોડીદાસ વચ્ચેજ હતો. બંને વચ્ચે હાડવેર જામ્યું હતું તેથી એક નમ્યું આપે તેમ નહોતું તોપણ માંગલિક સમયે મહાભારત ન થઇ જાય તેવી ઉભયની ઇચ્છા હતી. લાડકો ગાંધી અને મુળશંકર દવે બંને પાસે વષ્ટી લઈ જતા લાવતા હતા. છેવટે તેઓનેજ પંચ નીમવામાં આવ્યા, એટલે પંચે ફેસલો આપ્યો કે—

દુહો.

પંચે આપ્યો ફેંસલો, જોડીને નીજ હાથ;
બંને વેવાઈ જાન લઇ, આવે ગામમાં સાથ.

ઉક્ત ફેંસલો માન્ય થયો અને પંચોએજ પાસે રહી બંને જનોને સમાન રાખી ગામમાં પ્રવેશ કરાવ્યો, એટલે તેમની પાછળની ઉભરાઇ જતી અન્ય જાનો સેન્યાધિપતિની આજ્ઞા થતાં જીતાએલો કીલ્લો સ્વાધિન કરનાર સૈન્યની માફક એક બીજાની સ્પર્ધા કરતી ગામમાં દાખલ થઇ અને જુદા જુદા માર્ગે પોતપોતાના જાનિવાસે ગઇ.

શામળદાસે પોતાના માઢની મેડી ઉપર જાનૈયાનો ઉતારો રાખ્યો હતો તે સ્થાન બરાબર અનુકુળ નથી એવો વાંધો વેવાઇ તરફથી પ્રારંભમાંજ રજુ થયો તે સમજાવટ કરી પતવવામાં આવ્યો. એટલામાં તો મુળશંકર દવે અલવું ચલવું લઇને ગીત ગાતાં બૈરાઓની સાથે આવ્યા. પરંતુ બોડાલાલ તો તે પહેલાં કયારના નિંદ્રાવશ થઈ ગયા હતા, અને તેમને જાગૃત કરતાં આડે ચડી જવાનો ભય હોવાથી મુળશંકર દવેએ જેમ તેમ શુકન સાચવી અલવા ચલ-

વાનો વિધિ આટોપી લેતાં ભોજનક્રીયા થઇ. આ વખતે મધ્યરાત્રીનો સમય થયો હતો કે જે વખતે ભોડાલાલને રૂદન કરતાં જાગૃત થવાની ટેવ હતી.

ભોડાલાલના રૂદને ગાઢ ગજાવી મુકયો. તેને શાંત કરવા સકરાશાનાં પતિ જેકોરે યત્નો કરવા માંડયા.

ગાયન. (ડરમાં તું દિલ સાથ છોકરા.)

રડમાં તું મુજ વીર ભોડીઆ રડમાં તું મુજવીર
તને આપું ખાંડ ને ખીર ભોડીઆ રડમાં તું મુજ વીર,
જો જો ભાઇલા આ કોણ આવ્યું,
જો જો આ ઘોડો કોણ લાવ્યું,
ભાઇલો મારો ઘોડે ચડશે,
ઘોડે ચડી ફુલેકે ફરશે,
ધડી રાખને ધારણ ધીર. ભોડીઆ.

ભાઇને વાવા ટોપી લાલું,
ઘુંજામાં ભઉ ખાવા આલું;
છાનો રહે છે કે હઉને લાવું,
રડે તો હું કુવે પડવા જાવું.
શું નયને સારે નીર. ભોડીઆ.

જેકોર—લે ભાઇ આ ઘુઘરો વગાડવો છે.

ભોડા—ના.

જેકોર—ત્યારે લે આ જામો પેહરીશ.

બોડા—ના.

જેકોર—ખારેકુ ખાવી છે.

બોડા—ના.

જેકોર—ત્યારે તારે શું કરવું છે?

બોડા—મારે તો ઘરે જવું છે. અહીં નહિં.

જેકોર—ચાલો કાલે ઘરે જઇશું. તારી સાસુ રોતો સાંભળશે તો પરણાવશેજ નહિ! કહેશે કે જમાઇ ગાંડા છે.

ગાંડા છે એ શબ્દો સાંભળતાંજ બોડાલાલે ધુમરાણુ કરી મુકી. હવે જેકોર અકળાઇ ગઇ, એટલે તેણે શાડ પાડીને સકરાશાને કહ્યું. સાંભળો છો કે આ બોટીઓ તો આડે ચડી ગયો છે, તમે તેડીને જરા ફેરવોને સકરાશાએ બોડાને તેડી ઘણો સમજાવ્યો.

પણ આડે ચડી ગયેલું બાળક સમજ્યું નહિ. પિતાનો મિજાજ હાથથી ગયો અને પુત્રના મોઢા પર એક તમાચો લગાવી દીધો એટલે વરરાજાએ પોતાના સંપૂર્ણ બળપૂર્વક કારમી ચીસ નાંખી અને સ્વસુર પક્ષના પેટમાં ફાળ પાડી. તે જોઇ મુળશંકર દવેનો દિકરો રેવાશંકર જે વરરાજાને ચોરીએ ચડાવવા સારૂ સઘળાને તેડવા આવ્યો હતો તે બોલ્યો "વરરાજાને મારશો નહિ, બાપાભાયડાનાં છોકરાં તો એમ રોતાં કકળતાંજ પરણે! એ તો થતું આવ્યું છે! ચાલો હવે મુહૂર્તનો વખત વીતી જાય છે." રેવાશંકરના કહેવાથી સઘળાં તૈયાર થયાં. આગળ પુરૂષવર્ગ ચાલ્યો અને તેમની પાછળ સ્ત્રીવર્ગ હતો. પુરૂષવર્ગમાં માત્ર સકરાભાઇ અને તેમના બે સોબતી

માર્ગીસાધુ મહારાજ, એક બે ખતરી અને તેમના કાકાના દિકરા ભાઇ એટલા હતા. બાકીના નિંદ્રાવશ હોવાથી જાનીવાસે રોકાયા હતા. ચાલવા માંડયુ એટલે બૈરાંએ જેકાર વેવાણની સરદારી નીચે પ્રાસંગિક વા અપ્રાસંગિક ગાણું ગાવા માંડ્યું. દ્હાડી રાતે જેમ રાડ પડી હોય તેમ એક બાજુથી વરરાજાના રૂદનનો કરૂણ સ્વર તથા બીજી બાજુથી પડઘમ વાજાના ભેરી પીપુડા જેવો જેકારનો રૂક્ષ અને ઘોર નાદ એક નવાજ સુરને ઉત્પન્ન કરતાં હતાં. બૈરાં માત્ર ત્રણજ હોવા છતાં જેકાર વેવાણે તેમને ધમકાવી ધાંટા કાઢી ગવરાવવા માંડ્યું—

તું તો મોકલ વેવાઇ હાથીડા,
બેસી આવે વરરાજાના સાથીડા;
આવે આવેરે, આવે આવેરે,
વાસુદેવનો નંદ, પુનમ કેરો ચંદ,
કે ખોડાભાઇ રૂપાળારે. તુંતો.
તુંતો મોકલ વેવાઇ વેલડીઓ,
બેસી આવે વરરાજાની બેનડીઓ;
આવે આવેરે, આવે આવેરે,
વાસુદેવના નંદ, પુનમ કેરા ચંદ,
કે ખોડાભાઇ રૂપાળારે. તુંતો.

ચોરાયેલી ચીજ માટે પગેરૂ કાઢવા જતો હોય તેવો સકરાશા અને ખોડાલાલનો રસાલો વેવાઇના માઢ સમીપ રંગેચંગે આવી ચડ્યો ત્યાં સુધી આ ગગનભેદી ગાણાંમાંથી પણ રસાલાના રાજા ખોડાલાલભાઇના રૂદનનો સુર ખુલ્લો બહાર આવતો હતો.

અસલના રિવાજ પ્રમાણે માઢની બહાર ચોરીઓ સામી ભાગોળ સુધી બાંધવામાં આવી હતી. દરેક ચોરીમાં એક બાજઠ અને એક માંચી અને તે બંનેની વચમાં એક બે સળગતાં અડાયાં છાણાં ધુંધવાતાં હતાં તેની પાસે ઘીની તાંસળીઓ પડી હતી કોઈ કોઈ ચોરીમાં બિરાજેલા વરરાજા રમતા—બાલક્રીડા કરતા હતા; તો સામે બેઠેલી બાળકા—કન્યા ઉંઘતી હતી, કોઈ કોઈ ચોરીમાં—

મરાઠી સાખી.

અદ્‌ભુત આ અતિ ચાલ ન જેની, જોડ જગતમાં જડતાં,
ચાળી ચાળી દિનનાં વરકન્યા, ઉંઘતાં ચોરીએ ચડતાં;
કકળતાં કૈં સ્તન પય પીતાં, કૈં કરૂણ રવ કરતાં....કકળતાં.

આ પ્રમાણે વરરાજા રૂદન કરતા હતા, તો કન્યાઓ હસતી હતી. વરઘોડીઆંના દિલાસા સારૂ તેઓની જનેતા હાજરજ હતી. તદપિ કેટલાંક વરઘોડીઆં આ અદ્‌ભુત દેખાવથી ભયભીત થઇ ચોરીમાંજ પ્રવેશ કરતાં નહોતાં. તેમને તેમનાં માતાપિતા કાનમાં વાતો કહી કંઇ કંઇ આંના બતાવી સમજાવતાં હતાં અને જાણે અજાણે "ભાઈલા જો આ તારી વહુ બેઠી છે; ના રોવાય, તારી સાસુ દેખે છે" વગેરે વગેરે પ્રાસંગિક વચનો કહી ફુલાવી ફુલાવી ગૃહસ્થાશ્રમનો અસારથીજ પાઠ પઢાવતાં હતાં. કેટલીક ચોરીઓ વર-કન્યા વિના ખાલી હતી; તે ધીરે ધીરે ભરાઇ જતી હતી અને ધુમ્રના ગોટાની અસહ્ય વાસથી અર્ધ નિંદ્રાવશ બાળકો અધિક આકુળ-વ્યાકુળથઇ પોતાના ચાલતા રૂદનને પંચમના સુરથી દીપાવતાં હતાં.

આ પરીસ્થિતિમાં આપણા બોડાલાલ પણ પધાર્યાં. હજુ પણ તેમના મંદ પડી ગયેલા રૂદનનો નાદ કવચીત કવચીત સંભળાતો હતો. મહાલીબાને તો પહેલેથી ચોરીમાં પધરાવવામાં આવ્યાં હતાં. તે ચોરીમાં બેઠાં બેઠાં રમતાં હતાં, ત્યારે બોડાલાલ અનેક યત્ન કરવા છતાં ચોરીમાં પગજ મુંકતા નહોતા. બોડાલાલ પોતાના રોવાના કાર્યમાંથી કાંઇક થાકયા હતા, તેમને પરાણે બેસાડવાથી રૂંધાઇ ગયેલા કંઠે પણ પુનઃ ભયંકર નાદ કરી મુંકયો, તે જોઇ નિર્દોષ મહાલક્ષ્મી બાલ ભાવે હસવા લાગી. તેને રોવાનું હજુ પાછળ હતું. મહાયત્ને બોડાલાલને બાજુ પર બેસાડી સકરાશા તેની જોડે બેઠા એટલે,–

જેકોર—તમે ઉઠો, એની જોડ હું બેસું છું.

તે સાંભળી સકરાશાનો મીજાજ ગયો ને બુમ પાડી ઉઠયા.

સક—હું બેઠો છું તે નજરમાં નથી આવતુ ? માંડ માંડ તારો સગો છાંનો રહ્યો છે, તે હમણાં બુમરાણ કરી મુંકશે.

જેકોર—આ ગોરબાની દિકરી કહે છે કે, ચોરીમાં બીજા આદમીથી ન બેસાય.

સકરાશા—એ તો કાંઇ નહિ, આપણામાં થતું આવ્યું છે. કેમ ગોર ભા ?

રેવાશંકર—હા બાપા, હાંકો, પાટીદારને કાંઇ વાંધો નહિ !

રેવાશંકરે તમામ ચોરીઓ તરફ દ્રષ્ટી ફેરવી જોઇ તો કોઇ ચોરી ખાલી નહોતી. એટલે તેણે લગ્નક્રિયા શરૂ કરી. પોતાને લગ્નનો કાંઇ વીધી આવડતો ન હોવાથી, તેણે પોતાના પિતાને ચોખ્ખી ના પાડી હતી પણ મુળશંકર હલેએ સમજાવી દીધું હતું કે, બાપા ભા-

ચંડાના વિવાહમાં કોઇ મંત્ર, શ્લોક કે વીધીની આવડતની જરૂર નથી. જો પ્રથમ શરૂમાંજ "સમોરતમ્ શુભ લગ્નમ્ કલ્યાણ્ં આરોગ્યં નીરૂ વિઘ્ને સુખંભવતુ" એ શ્લોક બોલવો. કદી તને તે પણ ન આવડે કે યાદ ન રહે તો એકાદા શ્લોકના ઢાળની કવીતા બોલવા માંડવી ને વખતો વખત પાછો પેલો "સમોરતમ્ સહ લગ્નમ્ સેવમ્ કલ્યાણમ્" વાળો શ્લોક બોલી પાધરૂંજ "હિરણ્યદક્ષણામ્ સમરપીયામી, ભા પૈસો ને સોપારી મુકજો" એમ બોલી અવાર નવાર દક્ષણા મુકાવતો રહેજે. ત્યાં તારી કોઇ ભુલ કાઢનાર નથી ને એટલામાં તો હું સામા ભાગમાં જરા ફેરો મારી છુતો થઇ આવી પહોચ્યું છું. આવો સધી- આરો આપીને રેવાશંકરને મોકલ્યો હતો. તેથી પિતાજીની શીખવણી મુજબ તેણે હાકલ પાડીને કહ્યું આચમનમ્ "આચમન કરો" બૈ- રાંએ ગાણાં ગાવા માંડયાં. આમતેમ થોડા શ્લોક જેવું બોલીને "ચા- લો સકરા પારેખ તેર ટકા ને તેર સોપારીઓ લાવો, થાપનમાં જો- ઇશે" સકરાશાહ કાંઇ આપવા આવ્યા નહોતા ! છતાં શરૂમાંથીજ દાંત કચડાવવા કરતાં બોલી ઉઠયા કે—"ગોર ભા, આમ વારંવાર લેવું દેવું પડે તેના કરતાં તમે એવી દરેક વખતે સંપલક (સંકલ્પ) મુકા- વતા જાઓ. હું છેવટે જે થશે તે આપીશ."એ ચતુરાઇ ભરી યુક્તિ- થી અજ્ઞાન રેવાશંકર છેતરાયો, ને દોઢીઆ વિનાજ બધો વીધી આગળ ચાલ્યો.

કસુબીના વિવાહમાં માહ્યરૂં, હસ્ત મેળાપ, લગ્નહોમ, કન્યાદાન, ચોરી કંસાર જમણ, સપ્તપદી વગેરે વીધી અંતર્ધ્યાન—અધ્યાહાર—ગુપ્ત રહે છે, આ માનસિક થાય છે; એટલે શરૂમાંજ રેવાશંકર મહારાજે હસ્ત મેળાપનો રોતી કકળતી બાળકી પાસે આચાર કરાવી લઈ કન્યા-

દાન માટે વેવાણને (મહાલીની હરખઘેલી માતાને) બોલાવ્યાં ને "આ-ચમનમ્" આચમન કરો. હાથ ધોઇ નાંખો હાથમાં પાણી ઝાલી રાખો. "સમોરતમ્ શુભલગ્નં કલ્યાણં હેમંસુખમ્ ભવતુ" વરરાજાના વરરાજાના હાથમાં પાણી આપો. વગેરેથી પટલાણીને પ્રસન્ન કરી કન્યાદાનનું કોટી કોટી ગૌદાનનું ફળ પ્રાપ્ત કરાવી દીધું ને કૃતાર્થ કર્યાં; પછી થોડીવાર અગડમ બગડમ્ કરી એકવાર સાત તો બીજી વાર નવ, ત્રીજીવાર અગીઆર તો ચોથી વાર તેર ને છેવટે સત્તર ટકા જેતાં વારંવાર લેણાં ચડતા તુરતજ બીજું સઘળું સમેટીને રેવાશંકર ગોરે પોકાર કર્યો કે.—

"ભાભુ ક્યાં ગયાં, નાથાભાઇ! કંસારને ઘીની વાઢી મગાવો" અલ્પસમયમાં મહાલક્ષ્મીની માતા હર્ષથી ઉભરાતા હૈયે પોતાના જમાઇને જમાડવા દોડયાં આવ્યાં; પાછળ નાથાની વહુના હાથમાં વાઢી હતી. કાંસાના પાત્રમાં કંસાર પીરસાયો ને પટલાણીએ વાઢી હાથમાં લઇ ધડધડાટ ઉના ઘીની ધાર કરી, ચોળી ન ચોળી ત્યાં ધબલઇને ખોબો ભરીને ખાંડ ઝીકી. વળી ઉપરથી ઉન્હું ઘીની ધારા પડી. અરે પણ આ બધું કોના વાસ્તે, ન વર કે ન કન્યા આ પ્રિતી ભોજનના મર્મને જાણતાં હતાં. મહાલી જરા ચાલાક હોવાથી તેની માએ હાથમાં કંસારનો કોળીઓ આપ્યો ને બોડાલાલના મોઢામાં ઘલાવવા તેનો હાથ પકડીને લંબાવ્યો. અર્ધ નિદ્રાવશ—ઝોકતા બોડાલાલને લ્હાવા લેવરાવવા જેકારે તેમને નજીક આણ્યા. કંસાર ઓષ્ટપર અડતાં કારમી કીકીઆરી કરતા વરરાજા જાગ્યા, ને સાસુ પાછાં પડયાં. ગોર મહારાજ કહે બસ બસ ભાભુ હવે રહેવા દો. એતો માત્ર આચાર જ કરવો પડે. એતો એમજ થતું આવ્યું છે. **મહાલીની મા—લો વેવાણ તમારા સપુતને હવે છાંના રાખો નીં,**

ક્યાં ગયા સકરશા, આલો એમને જરાક ધવરાવે!

શકરાશા આ ગાડુ ચીલે પાડી વારંવાર ટકાની માગણીને ઉઘરાણીથી થાકી વેળાસર પલાયન કરી ગયા હતા; એટલે આ મુરતવંતા વરરાજાને પાછા છાંના રાખવા તે એકલી જેકારને ભારે પડયું, પણ તેણે ચાલાકી કરી પાછા ઉઘાડયા અને વીધી શરૂ થયો.

ગોરભા—લ્યો નાથાભાઇ હવે ફેરા ફરવાનો વીધી શરૂ થાય છે. માલીબાને તેડીને તમે ફરવા માંડો ને લ્યો વેવાણ તમે વરરાજાને સાચવીને તેડી ફેરા ફરો એટલે ઝટ વીધી પુરો થાય. બાળકો અકળાય છે, આ તો વિવાનો વીધી! વાર પણ ખુબ થઇ છે. લ્યો "સમોરતમ્ સહ લગ્નં ક્ષેમં કલ્યાણં ન સુખં ભવતુ"

એક બાજુથી નાથો પોતાની બહેનને તેડીને તથા બીજી બાજુ જેકાર ભોડાલાલને ખભે નાંખીને ફેરા ફરવા લાગ્યાં. અહાહા! દુનીઆં ભરમાં કોઇ પણ મનુષ્ય વર્ગમાં ન જણાતી રૂઢીથી હે કુલ દેવી! માતા ઉમા હવે અમારૂ રક્ષણ કરો.

મરાઠી સાખી.

આ બાલક શું સપ્ત પદીના શ્લોક કે લગ્ન સમજતાં,
ઢીંગાઢીંગી સમ અજ્ઞ દશામાં, વેવાઇ વેવાણ વરતાં;
લેવાં લ્હાવા કૃતારથ થાતાં, નીજ જન્મ સફલ કરતાં.—લેતાં.

માતા પિતા માત્ર ગાડરીઆ પ્રવાહમાં તણાઇને પોતે લ્હાવા લેવા આ પ્રમાણે વર કન્યાની યોગ્યતાનો વિચાર બહુ થોડો કરી

લાકડે માંકડું મેળવી દે, એ શું ઓછા અધર્મની વાત છે ? સભ્ય-જનો હવે આ નઠારી રૂઢીને ક્યાં સુધી નભાવવી છે ?

વરઘોડીઆં પરણી રહ્યાં. ગોરમહારાજે આશીર્વચન કહ્યાં. મહાલીબાને નાથાભાઈની વહુ તેડીને ઘરમાં લઇ ગયાં ને જેકાર વેવાણ અર્ધસમાધિસ્થ ભોડાલાલને ઉચકીને જાનીવાસે પધાર્યાં. ગોરમહારાજે પોતાના સંકલ્પ મુકાવેલા ટકાનું ખાતુ સરભર કરવા વેવાઇ સકરાશાહની શોધખોળ કરવા માંડી પણ પત્તો લાગ્યો નહિ; એટલે નાથો કહે "કાંઇ નહિ અત્યારે શું વહી જાય છે, સવારે મળજોને વેવાઇને ! ગોરમહારાજ કહે નાબાપા ! ભીખ ભાડું ને દક્ષિણાનો ઉધારો ના હોય ! એ તો અત્યારે તમને જે શ્રદ્ધા હોય તે કાલે ઘરડી થઇ જાય! નાથો કહે ઠીક કો'છો. ગોરમહારાજે વેવાઇની શોધ કરી પણ પત્તો ન લાગતાં તે મૂળશંકર દવેના ઉપર મુલત્વી રાખી ઘેર ગયો.

ચડસાચડસી ને મમત્વમાં જાનોને વિધવિધ પ્રકારનાં જમણોથી પ્રસન્ન કરવામાં આવી. વખત જતો ગયો તેમ તેમ બીજે દહાડેથી ભોડાલાલની જાનમાં માણસનો વધારો થવા લાગ્યો; કારણ વેવાઈ સવાદીઓ હતો ને લ્હાવો સારો લેવાનો હતો. બે પૈસાની દાનદક્ષિણા પણ સીખ વખતે ઠીક મળે તેમ હતું. વખતને જતાં વાર થતી નથી. એક બે દિવસ કરતાં આજે પંદર દહાડા થઈ ગયા છે, પણ સામળદાસ ને ખોડીદાસ બેઉ મહામમતી અને મિથ્યાભિમાનની મૂર્તિ હતા. સામાસામી ચડસે ભરાયા હતા તે પહેલું જાનને વિદાય કોણ કરે? કોણ નમ્યુ આવે, એકે જણ નમ્યુ આપે તેવો નહોતો. દસ દહાડા થયા ત્યારથી ગામના અન્ય ગરીબ વર્ગના માણસો તો

જાનોને શીખ આપવા એકપગે થઈ ઉતાવળા થતા હતા પણ પહેલ કોણ કરે, શામળદાસના આગવાળા શામળદાસના ત્યાં અને ખોડીદાસના આગવાળા ખોડીદાસના ત્યાં ગયા અને ખાનગીમાં "હવે જાનોને શીખ અપાય તો સારૂં" એમ કહેવા લાગ્યા. પણ

દોહો.

જામે જંગ સમાનમાં, વચ્ચે રાંક રીબાય;
પાડાની વઢવાડમાં ઝાડ સમૂળું જાય.

ગામમાં મૂળશંકર દવે અને લાડકો ગાંધી બે ડોકીઆ દલાલને તો જેમ જાનો વધુ વખત રહે તેમ ઘીકેળાં થતાં હતાં; તેથી અવારનવાર બેઉજણ ખોડીદાસ તથા શામળદાસને કાકરી કાકરીને પાણી ચડાવતા હતા; ને ખોડીદાસને શામળદાસના મમત્વની ને શામળદાસને ખોડીદાસના મમત્વની વિધવિધ વાતો વખત વિચારીને કહેતા હતા. આમ થવાથી ગામનાલોકો પુરા અકળાયા પણ પહેલ કરે કોણ ! આવા મિથ્યાભિમાની આગેવાનોની આગળ ગાડર સમાન ગરદન ઝુકાવી રહેનાર પટેલો પાછળ પારવિનાનો બડબડાટ કરવા લાગ્યા ને મેમાનોની ચાકરીમાં પણ મોળવા આવવા લાગ્યો તેમ તેમ ખોડીદાસને ત્યાં ને શામળદાસને ત્યાં રોજ જાનમાં જમનારાની સંખ્યા વધતી ગઇ. વેવાઇઓ શીખ માગવાની શું કરવા ઉતાવળ કરે ? અને આ બે હૈયાફુટયા પણ મમતી ને મિથ્યાભિમાની પાટીદારો મરે પણ માગ આપે નહિ. આખરે ખોડીદાસના માઢમાં અને શામળદાસના માઢમાં આવેલી સાધારણ જાનોને શીખ આપવાની પેરવી થવા માંડી. કારણ કે

તે ગરીબ માણુસોને ખિરધાર કરવાની મુર્યાદા આવી રહેવાથી હવે લાડકા ગાંધી સહુમાં પહેલો અટળાયો. પાતેદારોને ધિરવા વિના છુટકો નહીં ને ખિરે તો પાછું લેવું શેમાંથી? એટલે તેમને વધુ ઉતાવળ થવા લાગી. ખોડીદાસ શામળદાસ પણ ગળે આવી રહ્યા હતા પણ મમત્વ મુકાય શી રીતે? એક મોટા માણસને ત્યાં મરણ પ્રસંગે ગામનાં કાંણુ કુટણાનાં સવાદીઆં બૈરાં બેસવા–મો વાળવા ગયાં. ઘુંઘટડા તાણી તાણી લલકાર કરી રૂદન કરવા માંડ્યું. પા કલાક, અડધો, પોણો ને એક કલાક થયો બધાંય થાક્યાં ને ગળાં બેસી ગયાં પણ પહેલ કરે કોણ? પહેલું કોણ મોં મુકે? અવાજ ને લલકાર ઓછો થયો પણ કોઇક મોં મુકાવે તો મુકને! તેવીજ રીતે ખોડીદાસ ને શામળદાસ પણ ચાકરી કરી કરી ખરચમાં ધરાઇ ગયા હતા ને તેથી પણ વધુ ધરાણા હતા, વેવાઇઓને જાનૈયાની કનડગતથી પાછા મૂળશંકર દવે ને લાડકા ગાંધી એક થયા ને બંને જણુને સમજાવી જાનોને વિદાય કરાવવા તૈયાર થયા. પણ એ બે મમતી પાટીદારોનો પાટો ચડાવવો તે સ્હેલું નહોતું. છેવટે સમજાવી શીખ આપવાનો સાતમનો દીવસ નક્કી કર્યો. ત્યાંતો ત્રણ દહાડા પહેલાંથી વેવાઇઓએ પુરતની તાણાતાણ ને પંચાતો કરવા માંડી. ખોડીદાસના વેવાઈ કહેકે અમને શામળદાસના વેવાઇ કરતાં વધારે પુરત મળવી જોઇએ, અમારૂ નાક કપાય નહિ. એમ અન્યો અન્ય ચડસ થવા લાગ્યો. બંને વેવાઇઓએ પણ સામાસામી તાંબાના ગોળા ને ઘડાનાં *મામાટલાં બાંધ્યાં. પુરત ડબલ કરી ને સહુ જાનૈયાને પણ બબ્બે રૂપિયાની દક્ષણા મળી. ભાગોળે મોદા નંખાઇ ને ત્યાં રાવણું બેઠાં. બારોટજીએ પણ પોતાની વાકધારા વહેતી કરી અને આસપાસથી બીજાં

પણ ભીક્ષુકો શામળદાસ ને ખોડીદાસના નામથી ભેગાં થયાં હતાં પણ તે બધો તાગ વહેંચવાનો ને ભાગોળ ખરચ સુદ્ધાંતનો ખરચ આ પટેલોએ આપવાની કબુલાત કરેલી હતી તેથી બારોટજીની પણ વાક્ધારાનો પ્રવાહ વચ્ચે વચ્ચે તુટવા લાગ્યો. છેવટે ખોડીદાસ ને શામળદાસ તરફથી મૂળશંકર દવે ને લાડકા ગાંધીએ ભેગી દક્ષણા વહેંચવા માંડી ને ઉમિયા માતાની જય બોલાવી વ્હેલો ચાલતી કરી.

જય પરમ પુનીત જ્ઞાતિ મારી
નમુ ચર્ણ કમળ તુજ શીર ધારી.
નીજ સુખની ના પરવા કરતી
નિર્દોષ પ્રયોગો આચરતી
સત્ય સંપત્તિ ભારતમાં ભરતી. જય૦

હતી પાવન પૂર્વની શું કરણી
ખટ શાસ્ત્ર નીજ મુખ વરણી
થઈ અધમ કુચાલે એ કરણી. જય૦

તુજ દર્શ કરી તન મન વારૂ
દીન ચીત રહે નીશ દીન તારૂ
વર અમર એ ઘો હરી ઉચારૂ. જય૦

પૂર્વાર્ધ સમાપ્ત.

સૂચના.

"**સતી આખ્યાન**" નામનું પુસ્તક એક આનાની કિંમતે. "**માધાના પિતાનું પ્રેત ભોજન**" નામનું આખ્યાન પણ એક આનાની કિંમતે તથા "**મહાલક્ષ્મીનું મહા કષ્ટ યાને બાળ લગ્નના બળાપા**" નામનું આખ્યાન ભાષણ સાથે બે આનાની કિંમતે મળી શકશે.

ઉપરનાં ત્રણે પુસ્તકો મગાવનારે પાંચ આનાની ટપાલની ટી-કીટો મોકલી આપવી એટલે સદરહુ પુસ્તકો તેમની તરફ મોકલી આપવામાં આવશે.

"**કુળુમ્બી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ**" નામનું પુસ્તક તંત્રી પુરૂષોત્તમ લલ્લુભાઇ તરફથી બહાર પડ્યું છે જેની પડતર કિંમત એક રૂપિયો હોવા છતાં જ્ઞાતિ બન્ધુઓના હિતાર્થે માત્ર દશ આના કિંમત રાખવામાં આવી છે. આ પુસ્તક જેટલું ઉપયોગી છે તેટલુંજ સસ્તુ વેચવામાં આવે છે, પુસ્તકનું કદ ભારે હોવાથી ટપાલ ખર્ચ ચાર આના આવે છે. તે ખરીદનારે ધ્યાનમાં રાખવું.

ઉપરનાં પુસ્તકો મળવાનું ઠેકાણું:—

"**કડવા વિજય**" ઑફીસ.

વિરમગામ.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

જ્ઞાતિ બન્ધુઓના હિતાર્થે કાર્ય કરતી આ સંસ્થાના છે અને તેણે બજાવેલા કાર્યથી ભાગ્યેજ કોઈ બન્ધુ અજાણ્યું હશે. કાળને અનુસરી આપણી ધાર્મિક, સાંસારિક અને આર્થિક સ્થિતિ સુધારવામાં સહાયભૂત થઈ પડે તેવી કોઈ પણ સંસ્થા અગર આ હોય તો માત્ર આ સમાજ છે.

દરેક જ્ઞાતિ હિતચિંતક આ સમાજની બેઠકમાં ભાગ લ સ્વાર્થ અને પરમાર્થ એમ ઉભય સાધી શકે છે. સમાજના મેમ્બરની વાર્ષિક ફી ફક્ત માત્ર દરવર્ષે એકજ રૂપિયો લેવામાં આ છે. વિશેષ હકીકત સમાજના સેક્રેટરીને વિરમગામ ઑફીસના શિરનામે પુછવું.

કડવા વિજય.

જ્ઞાતિ હિતાર્થે પ્રગટ થતા આ માસિક પત્રનું લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦ રાખવામાં આવ્યું છે. તેનું ઉપજ ખર્ચ સમાજના ફંડ ખાતેજ હોવાથી સમાજના દરેક મેમ્બરોએ તેમજ અન્ય બન્ધુઓએ આ માસિકના ગ્રાહક થઈ છેલ્લાં આઠ વર્ષોમાં તેણે આપણા જીવનમાં જે ધાર્મિક પ્રવાહ સતેજ કર્યો છે તે ચાલુ રાખવાની જરૂર છે.

પુરૂષોત્તમ લલ્લુભાઈ તંત્રી,

"કડવા વિજય" ઑફીસ"—વિરમગામ.